સુવિચાર

જીવનમાં દોસ્તી અને પ્રેમ જેને કરો તેને એટલો પ્રેમ કરજો કે તે જ્યારે તકલીફમાં હોય ત્યારે તે ભગવાનની પહેલા તમને યાદ કરે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




અખૂન કા બદલા ખૂનઃ અપહરણ કરી છરી ધોકાથી માર મરાયા બાદ ઘવાયેલા યુવકનું સારવારમાં મોત P-4

Year-16, Issue-32 ■ DATE : 15-05-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આતંકવાદ, નકસલવાદ તથા ઉગ્રવાદ અભિયાન અંતર્ગત ૪૩નો ખાતમો



## છતીસગઢમાં 30 નકસલી, મણીપુરમાં ૧૦ ઉગ્રવાદી, કાશ્મીરમાં 3 આતંકીનો ખાત્મોઃ ભારત - મ્યાંનમાર બોર્ડરે સૈન્યએ ૧૦ ઉગ્રવાદીઓને ઠાર કર્યાઃ શસ્ત્રો જપ્ત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદુરથી પાકિસ્તાનને ધૂળ ચાટતુ કરી દેનાર ભારતે હવે આતંકવાદ, નકસલવાદ તથા ઉગ્રવાદ એમ એક સાથે ત્રણ મોરચે અભિયાન હાથ ધરીને ૪૩નો ખાત્મો કરવામાં આવ્યો છે. કાશ્મીરમાં ત્રાસવાદીઓ સાથે એન્કાઉન્ટરમાં ૩ ઠાર થયા હતા અને અન્ય બે-ત્રણ ઘેરાઈ ગયા હોવાથી વધુના ખાત્મા થવાની શકયતા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે જણાવ્યું કે, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કુર્રાગુટ્ટલુ હિલ્સમાં સુરક્ષા દળો દ્વારા ૩૧ નક્સલીઓને ઠાર કરવામાં આવ્યા હતા, જે નક્સલી બળવાખોરી સામે અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં, અમિત શાહે કહ્યું, NaxalFreeBharat ના સંકલ્પમાં એક ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરીને સુરક્ષા દળોએ નક્સલવાદ સામેના અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશનમાં છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કુર્રાગુટ્ટાલુ હિલ્સમાં ૩૧ કુખ્યાત નક્સલીઓને ઠાર કર્યા.

સીઆરપીએફ, એસટીએફ અને ડીઆરજીના જવાનોના પ્રયાસોની પ્રશંસા કરતા શાહે કહ્યું કે, સુરક્ષા દળોએ માત્ર ૨૧ દિવસમાં જ વિશાળ નક્સલ વિરોધી મિશન પૂર્ણ કર્યું.

જે ટેકરી પર એક સમયે લાલ આતંકનું રાજ હતું, આજે તે ટેકરી ગર્વથી લહેરાવી રહી છે. કુર્રાગુટ્ટાલુ ટેકરી PLGA બટાલિયન ૧, DKSZC, TSC અને CRC જેવા મોટા નક્સલ સંગઠનોનું એકીકૃત મુખ્યાલય હતું, જ્યાં નક્સલ તાલીમની સાથે, વ્યૂહરચના અને શસ્ત્રો પણ વિકસાવવામાં આવતા હતા.

આપણા સુરક્ષા દળોએ આ સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન માત્ર ૨૧ દિવસમાં પૂર્ણ કર્યું અને મને ખૂબ આનંદ છે કે આ ઓપરેશનમાં સુરક્ષા દળોમાં એક પણ જાનહાનિ થઈ નથી. હું આપણા CRPF, STF અને DRG સૈનિકોને અભિનંદન આપું છું.

જેમણે ખરાબ હવામાન અને દુર્ગમ પર્વતીય વિસ્તારમાં પણ પોતાની બહાદુરી અને હિંમતથી નક્સલવાદીઓનો સામનો કર્યો. આખો દેશ તમારા પર ગર્વ કરે છે, ગૃહમંત્રી શાહે કહ્યું.

અમે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત લાવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા લેવામાં આવેલા સંકલ્પને પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે ૩૧ નક્સલીઓના મૃતદેહ શોધી કાઢ્યા છે, અને તે ૧૨૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર છે અને અમારી પાસે માહિતી છે કે મોટી સંખ્યામાં નક્સલીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે.

જે ૩૧ નક્સલીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે તેમાંથી ૨૮ ની ઓળખ થઈ ગઈ છે. આ ઓપરેશનને ઓપરેશન બ્લેક ફોરેસ્ટ નામ આપવામાં આવ્યું હતું, કોબ્રા, CRPF અને છત્તીસગઢ પોલીસની ટીમો આ ઓપરેશનમાં સામેલ હતી,''CRPF ડીજી સિંહે જણાવ્યું હતું.

નકસલવાદ સામેના આ સૌથી મોટા ઓપરેશનમાં તેઓના છુપા અડ્ડાઓનો સફાયો કરાયો હતો જેમાં શસ્ત્રો-વિસ્ફોટકો બનાવાયા હતા. મોટીમાત્રામાં હથિયારો પણ જપ્ત કરાયા હતા.

આ સિવાય મણીપુરના ચંડેલમાં આસામ રાયફલ્સના જવાનોએ મોટુ ઓપરેશન હાથ ધર્યુ હતું. તેમાં ૧૦ ઉગ્રવાદીઓનો ખાત્મો કરાયો હતો. સૈન્યના ઈસ્ટર્ન કમાંડ દ્વારા ટવિટ કરીને જાહેર કરાયુ છે કે ભારત-મ્યાંમાર સરહદ નજીકના ચંદેલ ક્ષેત્રમાં ઉગ્રવાદીઓની મુવમેન્ટની ગુપ્તચર બાતમીના આધારે ઓપરેશન શરૂ કરાયુ હતુ તેમાં ૧૦ ને ઠાર મારવામાં આવ્યા હતા. ઓપરેશન હજુ ચાલુ છે. મોટીમાત્રામાં શસ્ત્રો-દારૂગોળો મળ્યો છે.

આ ઉપરાંત કાશ્મીરના અવંતીપોરાના ત્રાલ ક્ષેત્રમાં સૈન્ય જવાનોએ ત્રણેક ત્રાસવાદીઓને ઘેરને એન્કાઉન્ટર હાથ ધર્યુ હતું તેમાંથી એકને ઠાર કરી દેવાયો હતો અને બાકીના બે-ત્રણ સામે અથડામણ ચાલુ છે. શોપિયામાં ગઈકાલે ત્રણ આતંકીનો ખાત્મો કરાયો હતો. ૪૮ કલાકમાં આ બીજુ ઓપરેશન છે.

# ફૂટપાથ પર ચાલવાનો લોકોને અધિકારઃ સુપ્રિમ

### ફૂટપાથો પર દબાણો હોવાથી લોકોને રસ્તા પર ચાલવાનું જોખમ ઉઠાવવુ પડે છે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ફૂટપાથ પર આજે દબાણો અને વાહનોના પાર્કીંગ જોવા મળે છે. ત્યારે સુપ્રિમ કોર્ટે મહત્વનો ફેસલો આપતા જણાવ્યું હતું. બંધારણની ધારા ૨૧ અંતર્ગત લોકોનો ફૂટપાથ પર ચાલવાનો અધિકાર છે. સુપ્રિમ કોર્ટે દેશભરમાં રસ્તાઓ ફૂટપાથના અભાવ અને દબાણ પર રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોની સરકારને આડેહાથ લઈ ટીકા કરી હતી.

જસ્ટીસ અભય એસ.ઓકા અને ઉજજવલ ભુઈયાની પીઠે દિલ્હી સહિત બધા રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોમાં પગપાળા યાત્રીઓ માટે ફૂટપાથ ન હોવાથી કે તેના પર દબાણ થઈ જવાથી સખત રાજયોમાં પગપાળા યાત્રીઓ માટે ફૂટપાથ ન હોવાથી કે તેના પર દબાણ થઈ જવાથી સખ્ત નારાજગી જાહેર કરી હતી.

કેન્દ્ર સરકારે બધા રાજયો કેન્દ્ર શાસીત પ્રદેશોમાં પગપાળા ચાલતા લોકો માટે રસ્તાનાં કિનારે ફૂટપાથ નિશ્ચિત કરવાનો નિર્દેશ કર્યો હતો.

કેન્દ્ર સરકારને પણ પોતાના નિર્દેશને બે મહિનામાં કોર્ટનાં રેકોર્ડમાં રાખવાનું કહ્યું હતું.જજ અભય એસ.ઓકાએ જણાવ્યું હતું કે ફૂટપાથનાં અમલમાં લોકોને ફૂટપાથ પર ચાલવા મજબુર થવુ પડે છે. આથી લોકો દુર્ઘટનાનો શિકાર બની જાય છે.

સુપ્રિમ કોર્ટે ફૂટપાથ પરથી દબાણ હટાવવાનો આદેશ આપતા જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૧ અંતર્ગત પગપાળા ચાલતા લોકો માટે ફૂટપાથનો ઉપયોગ કરવો ગેરેંટી સાથેનો અધિકાર છે.

દિલ્હી સહીત દેશના અનેક શહેરોમાં ફૂટપાથ પર દબાણ મોટી સમસ્યા છે. અરજદારે જણાવ્યું છે કે દેશમાં ઉચિત ફૂટપાથોની કમી અને દબાણનાં કારણે લોકોને રસ્તા પર ચાલવૂ મુશ્કેલ બને છે અને રસ્તા પર ચાલવુ પડે છે. આથી લોકો અકસ્માતનો શિકાર અરજીમાં જણાવાયું છે કે સતાવાળાઓ દબાણ સામે કાર્યવાહી નથી કરતા.

સુપ્રિમ કોર્ટે ફૂટપાથ મુદે દિવ્યાંગોનાં ખ્યાલ રાખવાનું કહ્યું છે. બેન્ચે કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા બોર્ડની રચના માટે ૬ મહિનાનો સમય આપ્યો છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સવોચ્ચ અદાલત સમક્ષ ૧૪ પ્રશ્નો સાથે સ્પષ્ટીકરણ માંગ્યુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની વિધાનસભામાં તથા સંસદ દ્વારા મંજુર થતા ખરડાઓની મંજુરીમાં રાજયપાલ તથા રાષ્ટ્રપતિ માટે નિર્ણય લેવાના સુપ્રીમ કોર્ટે આપેલો ડેડલાઈન મુદે હવે રાષ્ટ્રપતિ સુશ્રી દ્રૌપદી મુર્મુએ સવોચ્ચ અદાલત સમક્ષ ૧૪ પ્રશ્નો સાથે સ્પષ્ટીકરણ માંગ્યુ છે. સર્વોચ્ચ અદાલતે ગત મહિને તામિલનાડુના રાજયપાલ દ્વારા જે રીતે વિધાનસભામાં મંજુર કરેલા ૧૦થી વધુ ખરડાઓ પર નિર્ણય લેવામાં એક વર્ષથી વધુ વિલંબ પર સુપ્રીમકોર્ટની ત્રણ જજોની ખંડપીઠે એક ચૂકાદામાં સુપ્રીમને મળેલી બંધારણની કલમ ૧૪૨ હેઠળ તમામ ખરડાઓ મંજુર થયેલા જાહેર થયા હતા.

બાદમાં તેના અલગ ચૂકાદામાં રાજયપાલોની સાથે રાષ્ટ્રપતિ માટે પણ વિધાનસભા- સંસદના ખરડા પર ત્રણ માસમાં નિર્ણય લેવાનુ અને જો કોઈ બંધારણીય કાનૂની પ્રશ્ન હોય તો તેનું સુપ્રીમકોર્ટ સમક્ષ માર્ગદર્શન લેવા સલાહ આપવાની સાથે ડેડલાઈન નિશ્ચિત કરી તેની સામે હવે બંધારણીય જંગ થશે.

ગઈકાલે જ સુપ્રીમકોર્ટના નવા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે જસ્ટીસ સી.આર.ગવઈએ ચાર્જ સંભાળ્યો છે અને તેથી તેઓને હવે આ મુદે જવાબ આપવો પડશે. રાષ્ટ્રપતિએ પ્રશ્ન પૂછ્યો છે કે જ્યારે રાજ્યપાલ સામે બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ કોઈ બિલ રજૂ કરવામાં આવે છે, તો તેમની સામે બંધારણીય વિકલ્પ શું હોય છે?

શું રાજ્યપાલ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ કોઈ બિલને રજૂ કર્યા બાદ તેના પર ઉપલબ્ધ તમામ વિકલ્પોનો પ્રયોગ કરતા સમયે મંત્રીપરિષદ દ્વારા આપવામાં આવેલી સહાયતા અને સલાહ અનુસરવા બંધાયેલા છે?

શું રાજ્યપાલ દ્વારા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ બંધારણીય વિવેકાધિકારનો ઉપયોગ વાજબી છે?

શું ભારતના બંધારણનો અનુચ્છેદ ૩૬૧ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ રાજ્યપાલના કાર્ય સંબંધિત ન્યાયિક સમીક્ષા પર પૂર્ણ પ્રતિબંધ લગાવે છે?

બંધારણીય રીતે નિર્ધારિત સમય મર્યાદા અને રાજ્યપાલ દ્વારા સત્તાના ઉપયોગની રીતની ગેરહાજરીમાં, શું ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ રાજ્યપાલ દ્વારા સમય મર્યાદા લાદી શકાય છે અને તમામ સત્તાના ઉપયોગની રીત ન્યાયિક આદેશો દ્વારા નિર્ધારિત કરી શકાય છે?

શું ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા બંધારણીય વિવેકાધિકારનો ઉપયોગ વાજબી છે?

બંધારણીય રૂપે નિર્ધારિત સમય મર્યાદા અને રાષ્ટ્રપતિ દ્વારા શક્તિના પ્રયોગની રીતના અભાવમાં શું ભારત બંધારણના અનુચ્છેદ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા વિવેકાધિકારનો ઉપયોગ કરવા માટે ન્યાયિક આદેશોના માધ્યમથી સમયમર્યાદા લગાવી શકાય અને ઉપયોગની રીત નક્કી કરી શકાય?

રાષ્ટ્રપતિની શક્તિને નિયંત્રિત કરનારી બંધારણીય યોજનાના પ્રકાશમાં શું રાષ્ટ્રપતિને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪૩ હેઠળ સંદર્ભના માધ્યમથી સુપ્રીમ કોર્ટની સલાહ લેવા અને રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિની સંમતિ માટે બિલને સુરક્ષિત રાખવા અથવા સુપ્રીમ કોર્ટની સલાહ લેવાની જરૂર છે?

શું ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૦ અને અનુચ્છેદ ૨૦૧ હેઠળ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના નિર્ણયો કાયદા ઘડ્યા પહેલાના તબક્કે ન્યાયી છે? શું બિલ કાયદો બને તે પહેલાં તેના વિષય-વસ્તુ પર ન્યાયિક નિર્ણય લેવો સ્વીકાર્ય છે?



શું ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ રાષ્ટ્રપતિ/રાજ્યપાલની બંધારણીય સત્તાઓ અને આદેશોનો ઉપયોગ કોઈપણ રીતે બદલી શકાય છે?

સુપ્રીમ કોર્ટે પોતાના મહત્ત્વના નિર્ણયમાં કહ્યું હતું કે, જો કોઈ બિલ લાંબા સમય સુધી રાજ્યપાલ પાસે પેન્ડિંગ હોય, તો તેને મંજૂરી પ્રાપ્ત માનવામાં આવશે. રાષ્ટ્રપતિએ આ નિર્ણય પર વાંધો ઉઠાવતા પૂછ્યું કે, જ્યારે દેશનું બંધારણ રાષ્ટ્રપતિને કોઈપણ બિલ પર નિર્ણય લેવાનો વિવેકાધિકાર આપે છે, તો સુપ્રીમ કોર્ટ આ પ્રક્રિયામાં હસ્તક્ષેપ કેવી રીતે કરી શકે.


# કેનેડાના રાજકારણમાં ભારતીય મૂળના લોકોનો દબદબો

## ભારતીય મૂળના અનિતા આનંદ સહિત મનિન્દર સિદ્ધુ, રૂબી સહોતા, રણદીપ સરાયને કેબિનેટમાં સ્થાન મળ્યું

**મુખ્ય સમાચાર, ટોરેન્ટો**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ હાલમાં જ પોતાના ૨૮ સભ્યોની નવી કેબિનેટની જાહેરાત કરી છે, જેમાં ચાર ભારતીય મૂળના સાંસદ પણ સામેલ છે. તેમાં સૌથી પ્રમુખ નામ અનીતા આનંદનું છે, જેને કેનેડાના નવા વિદેશ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પહેલાં માર્ચમાં કાર્નીએ ૨૪ સભ્યોની કેબિનેટ બનાવી હતી, જેમાં બે ભારતીય મૂળના મંત્રી હતા.

૨૮ એપ્રિલે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં લિબરલ પાર્ટીની જીત બાદ કાર્નીએ આ કેબિનેટની રચના કરી છે. તેમણે કહ્યું કે, આ ટીમ અમેરિકા સાથે સુરક્ષા અને આર્થિક સંબંધોને મજબૂત કરવા, જીવનનિર્વાહનો ખર્ચ ઘટાડવા અને લોકોને સુરક્ષા નિશ્ચિત કરવા માટે બનાવવામાં આવી છે.



૫૭ વર્ષીય અનીતા આનંદે ભગવદ ગીતા પર હાથ મૂકીને વિદેશ મંત્રી પદના શપથ લીધા હતાં. આ પહેલાં તેઓ સંરક્ષણ મંત્રીની જવાબદારી નિભાવી ચૂક્યા છે. અનીતા આનંદનો જન્મ નોવા સ્કોટિયાના કેંટવિલમાં થયો હતો. તેમના પિતા મૂળ તમિલનાડુ અ માતા પંજાબના હતાં.

બ્રૈમ્પટન ઈસ્ટના સાંસદ મનિંદર સિદ્ધુને આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંત્રાલયની જવાબદારી આપવામાં આવી છે. તેમનો કાર્યકાળ અમેરિકાના વ્યાપારિક વિવાદો વચ્ચે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. સિદ્ધુ પંજાબથી અને નાનપણમાં કેનેડા આવી ગયા હતાં. તે પહેલાં અનેક મંત્રીઓના સંસદીય સચિવ રહી ચુક્યા છે.

રૂબી સહોતાને અપરાધ નિયંત્રણ મામલાના રાજ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. તે ૨૦૧૫થી બ્રૈમ્પટન નોર્થના સાંસદ છે. પહેલાં તેઓ વકીલ હતા અને યુવાઓ સાથે જોડાયેલા મુદ્દા પર કામ કરતા હતાં.

સરે સેન્ટરના સાંસદ રણદીપ સરાયને આંતરરાષ્ટ્રીય વિકાસ મામલાના રાજ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. તે વિદેશમાં કેનેડાની મદદ અને સહયોગ યોજનાઓને જોશે. આ સંસદ સભ્યના રૂપે સરાયનો ચોથો કાર્યકાળ છે. તેમણે પહેલીવાર ૨૦૧૫માં ચૂંટાયા હતા, બાદમાં ૨૦૧૯ અને ૨૦૨૧માં ફરી ચૂંટાયા.

આ ચૂંટણીમાં ભારતીય મૂળના કુલ ૨૨ ઉમેદવારો સંસદમાં પહોંચ્યા છે, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે, ગત સંસદમાં આ સંખ્યા ૧૭ હતી. આ દર્શાવે છે કે કેનેડાના રાજકારણમાં ભારતીય મૂળના નેતાઓનો પ્રભાવ સતત વધી રહ્યો છે. આશ્ચર્યજનક વાત એ છે કે NDP નેતા જગમીત સિંહ પોતાની બેઠક હારી ગયા છે.

# કુતરાની પુછડીં વાંકીઃ પાક. સરકાર ફરી ત્રાસવાદી કેમ્પ બાંધી આપશે

### પાક વડાપ્રધાનના સોશ્યલ મિડીયા હેન્ડલ પર સતાવાર જાહેરાતઃ ઘાયલ ત્રાસવાદીઓને રૂા.૨૦ લાખ સુધીની મદદ

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

ભારતે ઓપરેશન સિંદુરમાં તબાહ કરેલા જૈશ એ મોહમ્મદ તથા લશ્કરે તોયબાના ત્રાસવાદી તાલીમ કેમ્પો પાક સરકાર ફરી બનાવી દેશે.

ત્રાસવાદીઓ સાથેના ગઠબંધનનો પુરો ચહેરો હવે ખુલ્લો પડી ગયા છે. પાક વડાપ્રધાન શાહબાઝ શરીફે જાહેરાત કરી કે ઓપરેશન સિંદુરમાં આ કેમ્પોને નુકશાન થયુ છે. તેની પાક સરકાર જ ભરપાઈ કરશે અને જેના પુત્ર-પત્ની-ભાઈ સહિત ૧૪ સંબંધીઓ ભારતના હુમલામાં માર્યા ગયા તે મસૂદ




અઝહરને રૂા.૧૪ કરોડની મદદ કરશે. મસૂદના પરિવારના દરેક વ્યક્તિ દીઠ રૂા.૧-૧ કરોડ અપાશે અને ઘાયલોને રૂા.૧૦થીરૂા.૨૦ લાખની મદદ કરશે.

પાક પીએમ યાફિસ તેના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર પણ માહિતી પોસ્ટ કરી છે. તા.૬-૭ મે ની ભારતની કાર્યવાહી સંદર્ભમાં આ મદદ કરશે. ભારતે પાક ઉપરાંત પાક કબ્જાના કાશ્મીરમાં ત્રાસવાદી કેમ્પોનો સફાયો કર્યો છે.

હવે તેને પુન બાંધવામાં પાક સરકાર મદદ કરશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ આતંકી કેમ્પમાં જે ત્રાસવાદીઓ માર્યા ગયા તેના જનાજામાં પાક સેનાના અધિકારીઓ પણ જોડાયા હતા અને તે તસ્વીરો પણ વાઈરલ થઈ હતી. હવે ત્રાસવાદીઓની મદદથી જાહેરાત કરીને પાક પુરૂ ખુલ્લુ પડી ગયુ છે.

# ભારત-પાક. યુદ્ધમાં ભારતનો હાથ જ ઉપર રહ્યોઃ અમેરિકી અખબારો

### ન્યુયોર્ક ટાઈમ- વોશિંગ્ટન પોષ્ટમાં પેન્ટાગોન સહિતના નિષ્ણાંતોનો સ્પષ્ટ અભિપ્રાયઃ પાકના તમામ હવાઈ મથકો પર હુમલો કરવાની રણનીતિ સફળ રહી, સેટેલાઈટ-ઈમેજ-વિડીયોનું વિશ્લેષણ કર્યુ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદુરમાં ભારતીય સેનાએ ફકત ૭૨ કલાકમાંજ જે રીતે પાકિસ્તાનના હવાઈ અડ્ડા સહિતની લશ્કરી તાકાતને તોડી પાડીને જે ખોફ ઉભો કર્યો તેનાથી ડરી અમેરિકાના શરણે પહોંચીને યુદ્ધ વિરામ મેળવનાર પાકિસ્તાનની પોલ-આંતરરાષ્ટ્રીય સ્તરે ખુલવા લાગી છે અને અમેરિકાના પ્રતિષ્ઠીત ન્યુયોર્ક ટાઈમ્સ અને વોશિંગ્ટન પોષ્ટે અમેરિકી સંરક્ષણ મથક પેન્ટાગોનના પુર્વ નિષ્ણાંતોને ટાંકીને આપેલા અહેવાલમાં જણાવ્યું છે કે ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાન લગભગ હારી જ ગયુ હતું. અમેરિકા અને પાકિસ્તાન એવા જુઠાણા ફેલાવે છે કે વેપારનો મુદો છેડીને ભારતને યુદ્ધ વિરામ કરવા ફરજ પાડવામાં આવી હતી પણ વાસ્તવિકતા હવે ખુદ અમેરિકી અખબારો જ ખુલી કરી રહ્યા છે. પાક એવો દાવો કર્યા કરે છે કે તેના કોઈ એરબેઝને નુકશાન થયુ નથી પણ વોશિંગ્ટન પોષ્ટે લખ્યું છે કે ભારતના હુમલામાં પાકના ઓછામાં ઓછા છ એરબેઝને ભારે નુકસાન થયું હતું.

આ અખબારે લગભગ બે ડઝન સેટેલાઈટ ઈમેજ તથા તેના વિગતોના આધારે આ માહિતી આપી છે. ભારતના હુમલામાં પાક હવાઈદળના લડાયક વિમાનો માટેના ત્રણ હેંગર (ગેરેજ) બે રનવે અને બે મોબાઈલ ટાવર ધ્વંશ થયા હતા.

કિંગ્સ કોલેજ લંડનના આંતરરાષ્ટ્રીય સંબંધો અંગેના પ્રોફેસર અને દક્ષિણ એશિયાઈ સુરક્ષા બાબતોના નિષ્ણાંત વોલ્ટર લેંડવીનને ટાંકીને અખબારે જણાવ્યું છે કે, ૧૯૭૧ બાદ પાક હવાઈદળને આ સૌથી મોટુ નુકશાન પહોંચવુ પડયુ છે.

આ ઉપરાંત કોન્ટેસ્ટેન્ડ ગ્રાઉન્ડના ભૂ-સ્થાનિક વિશ્લેષક વિલિયમ ગુંડહીંડના જણાવ્યા મુજબ ભારતે વર્તુળ સટીક ચોકકસ પ્રકારે હુમલા કર્યા છે અને પાકની હવાઈ ક્ષમતાને ગંભીર રીતે નુકશાન પહોંચાડયું છે. આ ઉપગ્રહ ઈમેજ મારફત તેઓએ આપી છે. મિલીટ્રી કોલેજના પુર્વી એશિયાઈ બાબતોના નિષ્ણાંત જેફરી લુઈસે પણ સ્વીકાયુ છે કે પાકના હવાઈ મથકોને નુકશાન થયું છે. યુનિ. ઓફ અલ્બાનીમાં એસોસીએટેડ પ્રોફેસર અને ભારત-પાક યુદ્ધ પર પુસ્તક લખી ચુકેલા કિસ્ટોફર કલેચીએ કહ્યું કે સેટેલાઈટ ઈમેજ દર્શાવે છે કે ભારતીય સેનાએ પુર્વ પાકમાં હવાઈ મથકને ભારે નુકશાન પહોચાડયુ છે.

# કચ્છમાં ૩.૪ ની તીવ્રતાનો ભૂકંપ

### કેન્દ્રબિંદુ ભચાઉ પાસે લોકો ઘર બહાર દોડી આવ્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કચ્છમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. ગઈકાલે સાંજે ૬:૫૫ વાગ્યે કચ્છમાં ભૂકંપના આંચકા આવતા લોકો ઘરની બહાર દોડી આવ્યાં હતા. ૩.૪ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના ભચાઉથી ૧૨ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વમાં નોંધાયું છે. માત્ર ૩.૪ની તીવ્રતાનો હળવો ભૂકંપ હોવાથી કોઈ મોટા નુકસાનના સમાચાર પ્રકાશમાં આવ્યાં નથી.

કચ્છ સિસ્મિક ઝોન ૫ માં આવે છે, જેના કારણે અહીં ભૂકંપના આંચકા અનુભવાય તે સામાન્ય છે.



પરંતુ કચ્છમાં આવતા ભૂકંપના કારણે લોકો ડરી જાય છે. કારણે કે, આ પહેલા ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સવારે ૦૮૪૬ વાગ્યે આવેલા ભૂકંપે ભારે વિનાશ સર્જો હતો. તે વખતે મિલકતોને તો નુકસાન પહોંચ્યું હતું જ પરંતુ મોટી જાનહાનિ પણ સર્જાઈ હતી. કચ્છ સિવાય ૩.૫ની તીવ્રતાનો ભૂકંપ બાંગ્લાદેશમાં પણ આવ્યો હતો. તે સિવાય નેપાળમાં પણ ૩.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે ૬.૦ની તીવ્રતાનો ટોંગા ટાપુઓ પર પણ ભૂકંપ આવ્યો હતો.

# જામનગર જીલ્લા પંચાયત ખાતે સરપંચો અને તલાટીમંત્રીઓ માટે સિવિલ ડીફેન્સ અંગે તાલીમનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,જીલ્લા પંચાયત ખાતે ૧૦૨ જેટલા ગામડાઓના સરપંચઓ અને તલાટીમંત્રીઓ માટે સિવિલ ડીફેન્સ અંગે બેઝીક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં નાગરિક સંરક્ષણની કચેરી તથા ફાયર વિભાગ દ્વારા યુદ્ધ જેવી પરિસ્થિતિના સમયે રાખવાની થતી સાવચેતી અંગે વિસ્તુત સમજુતી આપી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ નાગરિકોને આપાતકાલીન પરિસ્થિતિમાં સ્વબચાવની પદ્ધતિઓથી કઈ રીતે વાકેફ કરવા તે હતો. આ તાલીમમાં નાયબ જીલ્લા વિકાસ અધિકારી દીપા કોટકે ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ તાલીમમાં નાયબ નિયંત્રક વી.કે.ઉપાધ્યાય તથા ચીફ વોર્ડન કમલેશ પંડ્યા દ્વારા યુદ્ધના વિવિધ પ્રકારો અને તેમાં રાખવાની થતી સાવચેતીઓ, વિવિધ પ્રકારની સેવાઓ જેમાં હેડક્વાર્ટર, તાલીમ, સંદેશા વ્યવહાર, વોર્ડન સેવા, અગ્નિશામક સેવા, બચાવ સેવા, પ્રાથમિક સારવાર સેવા, કલ્યાણ સેવા, માલ મિલકત બચાવ સેવા,પુરવઠા સેવા, અફવાઓ ન ફેલાય તે સુનિશ્ચિત કરવું વગેરે અંગે સમજુતી આપી કેવા પ્રકારના પગલા લેવા તેમજ સિવિલ ડીફેન્સ અંગે તાલીમ પણ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જામનગર જીલ્લા પંચાયત ઉપરાંત વિવિધ તાલુકાઓમાં પણ નાગરિક સંરક્ષણ અંગે તાલીમ આપવામાં આવી રહી છે.આ તાલીમ-માં પી.આઈ. એમ.વી.ખીલેરી, સેક્ટર વોર્ડનો ચેતનાબેન માણેક, કિશોરભાઈ ત્રિવેદી, ભરત કટેશીયા, નિશાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ૨૮ મે અને ૧૮ જૂનની ઓખા-પુરી એક્સપ્રેસ પુનઃસ્થાપિત

દક્ષિણ મધ્ય રેલ્વેના સિકંદરાબાદ ડિવિઝનના બલ્લા-રશાહ-કાઝીપેટ સેક્શનમાં સ્થિત બેલ્લમપલ્લી યાર્ડમાં ત્રીજી લાઇન પેચ ટ્રિપલિંગના કામને કારણે, રેલ્વે વહીવટી તંત્રે ૨૮ મે અને ૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનોને રદ કરવાને બદલે ડાયવર્ટ રૂટ સાથે પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. ૨૮ મે અને ૧૮ જૂન, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ અને ૨૫ મે અને ૧૫ જૂન, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ-વિશાખાપટ્ટનમ-વિજયવાડા-બલ્લારશાહ-બડનેરા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા લખોલી-રાયપુર-નાગપુર-બડનેરા ના રસ્તે ચાલશે. ટ્રેનો ના સંચાલન અંગે નવીનતમ અપડેટ્સ મેળવવા માટે મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# જામનગરની નુરી ચોકડી પાસે કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રિપુટી ઝબ્બે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નુરી ચોકડી પાસે એલસીબીની ટુકડીએ બાતમી આધારે દરોડો પાડીને કારમાં ઇંગ્લીશ દાનો જથ્થો લઈને નીકળેલા ૩ શખ્સોને પકડી લીધા હતા જેમાં દારૂ આપનાર રાજકોટના શખ્સનું નામ ખુલ્યુ હતું પોલીસે શરાબની ૪૮ બોટલ, કાર મળી કુલ ૫.૪૩ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.રેન્જ આઇજી અશોકકુમારે પ્રોહીબશન તથા જુગારધારાના કેશો શોધી કાઢવા જણાવેલ જેથી જીલ્લા પોલસવડા પ્રેમસુખ ડેલુએ સુચના કરતા એલસીબી પીઆઇ લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ મોરી, પીએસઆઇ કાંટેલીયા તથા સ્ટાફના માણસો શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન સ્ટાફના ક્રિપાલસિંહ જાડેજા તથા કિશોરભાઇ પરમારને ખાનગી હકીકત આધારે શહેરમાં નુરી ચોકડી પાસે આવેલ પેટ્રોલ પંપ સામે રોડ પર મહેશ ઉર્ફે રાજુ કનૈયાલાલ પંચવાણી રહે. ગુલાબનગર સાધુ વાસવાણી સોસાયટી બ્લોક ૮, મ નં. ૨૧૦, તથા કરણ નારણ ચેલરામાણી રહે. ગુલાબનગર સાધુ વાસવાણી સોસાયટી બ્લોક ૧,મ નં. ૩૦૨, કિશન રમેશ ભારદીયા રહે. દયાસાગર એપાર્ટમેન્ટ ફલેટ નં. ૨ લીમડા લાઇન જામનગરવાળાને કાર નં. જીજે૧આરપી-૪૪૪૭માં ઇંગ્લીશ દાની ૪૮ બોટલ કિ. ૩૨૯૨૮ તથા ૩ મોબાઇલ કિ. ૧૧ હજાર તથા કાર કિ. ૫ લાખ મળી કુલ ૫.૪૩.૯૨૮ના મુદમાલા સાથે પકડી પાડી આરોપી વિરુધ્ધ પો.કોન્સ સુમીતભાઇ શિયારએ ફરીયાદ રીપોર્ટ આપતા હેડ કોન્સ્ટેબલ અરજણભાઇ કોડીયાતરે કાયદેસરની કાર્યવાહી કરી હતી દાનો જથ્થો આપનાર નારાયણ રહે. રાજકોટવાળાને ફરાર જાહેર કર્યો હતો.

## આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જામનગર જિલ્લાના ૧૧ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૧ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એન. ખેર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેથી, પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામું આગામી તા.૧૧-૦૬-૨૦૨૫સુધી અમલમાં રહેશે.પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત.ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, સોસબારી અને ઘાખડીઆ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# મવડી ખાતે નવનિર્મિત ઇન્ડોર ગેમ્સ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો કાલથી પ્રરંભ

### પ્રથમ તબક્કામાં શરૂ કરવામાં આવેલ ચારેય રમતમાં કુલ-૫૯૨ સભ્યોની કેપેસીટી સામે કુલ-૪૫૭ સભ્યોનું રજીસ્ટ્રેશન થયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં મવડી - પાળ રોડ, રામઘણ આશ્રમની પાસે, મવડી ખાતે રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે ૧૧૮૩૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળના પ્લોટમાં નવું ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામા આવેલ છે. આ નવા ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રથમ તબક્કામાં કુલ-૪ સ્પોર્ટ્સ ફેસીલીટી આવતીકાલ તારીખ૧૬-૦૫-૨૦૨૫થી શહેરીજનો માટે શરૂ કરવામાં આવે છે જેના માટે ઓનલાઇન મેમ્બરશીપ તા.૦૫-૦૫-૨૦૨૫ના રોજથી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી શરૂ કરવામાં આવેલ જેમાં આજ તા.૧૫-૦૫-૨૦૨૫ને ૧૧૦૦ વાગ્યા સુધીમાં બેડમિન્ટનમાં ૩૨૦, બાસ્કેટબોલમાં ૩૭, લોન ટેનિસમાં ૪૧ અને વોલી બોલમાં ૫૯ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, મવડી ખાતે બનાવવામાં આવેલ ઈન્ડોર ગેમ્સ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં પ્રથમ તબક્કામાં શરૂ કરવામાં આવેલ બેડમિન્ટન, બાસ્કેટબોલ, લોન ટેનિસ અને વોલીબોલ રમત માટે આવતીકાલથી નાગરિકો માટે ખુલ્લું મુકવામાં આવશે. બેડમિન્ટનમાં ૩૨૦ નાગરિકોની કેપેસીટી સામે ૩૨૦, બાસ્કેટબોલમાં ૮૦ નાગરિકોની કેપેસીટી સામે ૩૭, લોન ટેનિસમાં ૮૦ નાગરિકોની કેપેસીટી સામે ૪૧ અને વોલીબોલમાં ૧૧૨ નાગરિકોની કેપેસીટી સામે ૫૯ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. હાલ પણ ખાલી જગ્યા માટે નાગરિકો રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

લોન ટેનિસ, વોલીબોલ, બાસ્કેટ બોલ અને બેડમિન્ટન બેચ માટેનો સમય સવારે ૬ થી ૧૦ અને સાંજે ૬ થી ૧૦ રહેશે તેમજ તમામ બેચ ૧ કલાકની રહેશે. અઠવાડિયાના રવિવારે જાહેર રજા રાખવામાં આવશે.



## વિવાદિત વીડિયો વાયરલ કરનાર સચાણાનો એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સચાણા ગામના એક શખ્સે વિવાદિત વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી વાયરલ કરતા તાત્કાલિક હરકતમાં આવેલી સાયબર ક્રાઈમ પોલીસે આ શખ્સને શોધી કાઢ્યો છે અને ગુન્હો નોંધી ધરપકડ કરી છે.હાલની સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે નાગરિકોને સંયમ રાખવા અને અફવા ફેલાય કે રોષ પ્રસરે તેવી વિગતો સોશિયલ મીડિયા પર વાયરલ ન કરવા તંત્ર દ્વારા અવારનવાર સૂચના આપવામાં આવી રહી છે અને જામનગર એસપી પ્રેમસુખ ડેલુ દ્વારા આ પ્રકારના કૃત્ય આચરતા તત્ત્વોને પકડી પાડવા સૂચના અપાઈ છે.



તે અંતર્ગત સિટી ડીવાયએસપી જે.એન. ઝાલા ના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.એ. ધાસુરા તથા સ્ટાફ દ્વારા સોશિયલ મીડિયા પર બાજનજર રખાઈ રહી છે. તેમાં ગઈકાલે ઈન્સ્ટાગ્રામ પર એક શખ્સ દ્વારા ભારતના રાષ્ટ્રધ્વજનું અપમાન કરતો અને અન્ય વિરોધ પ્રદર્શન કરતો વીડિયો મૂકવામાં આવ્યો હતો.

તે વીડિયો અંગે તપાસ કરાતા જામનગર તાલુકાના સચાણા ગામનો નાઝીમ ઉર્ફે લાઝીમ અજીઝ ગજીયા નામના શખ્સે ભારતની અખંડિતતા, સાર્વભૌમત્વ એકતા અને સુરક્ષાને જોખમમાં મૂકતો વીડિયો વાયરલ કરનાર આ શખ્સની બીએનએસની કલમ ૧૯૭ (૧) (ડી) હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરી છે.

# મોરબી જીલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખની મહેન્દ્રનગરની સમસ્યાઓ અંગે મનપા કમિશ્નરને લેખિત રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદમાં સમાવિષ્ટ મહેન્દ્રનગર વિસ્તારમાં નાગરિકોને વિવિધ તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે જીલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ જાનકીબેન કૈલાએ કમિશ્નરને લેખિત રજૂઆત કરીને ગટર, વરસાદી પાણી અને પાણીની લાઇન બાબતે તાત્કાલીક યોગ્ય કરવાની માંગ સાથે રજુઆત કરી છે.

મોરબી મહાનગરપાલિકાના વિસ્તરણમાં સમાવિષ્ટ થયેલ મહેન્દ્રનગર ગામના નિવાસીઓને તાજેતરમાં પૂર્ણ થયેલા રસ્તાના કામો અને જૂના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફેરફાર થતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મોરબી જીલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ જાનકીબેન કૈલાએ મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરને લેખિત રજૂઆત કરી છે જેમાં તેમણે ત્રણ મુખ્ય મુદ્દાઓ ઉઠાવ્યા છે.

પ્રથમ, મહેન્દ્રનગર મીલી પાર્ક શેરી નં-૭ થી રામધન આશ્રમ સુધી અગાઉ ભુર્ગભ ગટર હતી. પરંતુ ચોકડીથી રામધન આશ્રમ સુધીનો નવો રસ્તો બનાવતી વખતે તે ગટર તોડી નાખવામાં આવી. પરિણામે ગંદા પાણી રસ્તા પર વહેતા થયા છે અને આસપાસ ભારે ગંદકી સર્જાઈ છે. તેઓએ તાત્કાલીક નવી ગટર લાઇન નાખવાની માંગ કરી છે. આ સિવાય વરસાદી પાણીના નિકાલની સમસ્યામાં નવા રસ્તાને કારણે મહેન્દ્રનગર ચોકડીની નજીક વિસ્તાર આસપાસની સોસાયટીઓની તુલનાએ લગભગ ત્રણ ફૂટ ઊંચો બન્યો છે. જેથી વરસાદી પાણીનું નિકાલ અટકી ગયો છે અને પાણી ઘરમાં ઘૂસી જાય છે. આથી યોગ્ય નિકાલ વ્યવસ્થા કરવા રજૂઆત કરાઈ છે. તેમજ પીવાના પાણીની લાઇન તૂટી ગયા બાબતે નવા રસ્તાના નિર્માણ દરમિયાન પાણીની લાઇનો તૂટી ગઈ છે, જેના કારણે લોકો સુધી ગંદું અને દુર્ગંધવાળું પાણી પહોંચે છે. આ લાઇનોનાં રીપેરીંગ અને નિયમિત અને સ્વચ્છ પાણી પૂરું પાડવા પણ કમિશ્નરને વિનંતી સાથે માંગ કરાઈ છે.

## મોરબીમાં બે ડ્રેનેજ લાઇન યોજનાનું ખાતમુહૂર્ત અને ગ્રીનચોક લાઈબ્રેરી ફરીથી ખુલશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં બે સ્થળોએ નવા ડ્રેનેજ લાઈન નાખવાના કામનું ખાતમહુર્ત ૧૫ મેના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાશે. સાથે જ ગ્રીનચોક લાઈબ્રેરીનો વાંચન રૂમ પણ તે જ તારીખથી જાહેર જનતા માટે પુનઃ ખુલ્લો મૂકાશે.

મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાના જણાવ્યા અનુસાર શહેરના વિકાસ અને સુવિધાઓના વિસ્તરણના ભાગરૂપે બે મહત્વપૂર્ણ ડ્રેનેજ લાઈન કામોનો શુભારંભ કરવામાં આવશે. જેમાં સુપર ટોકીઝથી અમુલ ડેરી નવલખી રોડ સુધી નવી ડ્રેનેજ લાઈન નાખવાનું કાર્ય હાથ ધરાશે. બીજી બાજુ, દરબારગઢથી નહેરૂ ગેટ સુધી પણ આ પ્રકારની ડ્રેનેજ લાઈન પાઈપલાઈન નાખવાની યોજના અમલમાં આવશે. બંને કામો માટે ખાતમહુર્ત સમારંભ તા. ૧૫ મે ૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ સાથે, મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા ગ્રીનચોક ખાતે આવેલી લાઈબ્રેરીનો વાંચન રૂમ પણ ફરીથી જનતાની સેવા માટે ખોલી દેવામાં આવશે. આ વાંચન રૂમ હવે સૌ માટે ઉપલબ્ધ રહેશે. મહાનગરપાલિકાના સીટી ઈજનેરે તમામ નાગરિકોને આ સેવાઓનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# મોરબીના બંધુનગર નજીકની દુકાનમાંથી ગાંજાના જથ્થા સાથે એક પકડાયો, માલ આપનાર ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે તાલુકાના બંધુનગર ગામ નજીક આવેલ કોમ્પ્લેક્ષની દુકાનમાં દરોડો પાડી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજા ૧ કિલોથી વધુના જથ્થા સાથે વાંકાનેરના એક ઇસમને ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે એસઓજી પોલીસ ટીમની પ્રાથમિક પૂછતાછમાં આ માદક પદાર્થ ગાંજો વાંકાનેરના જ એક ઈસમ પાસેથી વેચાણ કરવાના ઇરાદે મેળવ્યો હોવાનું જણાવતા, સપ્લાયર આરોપીને ફરાર દર્શાવી તેની શોધખોળ શરૂ કરી છે. પોલીસે સ્થળ ઉપરથી ગાંજાનો જથ્થો, વજન કાંટો, પ્લાસ્ટિકના બેગ, આઈફોન મોબાઇલ સહિત કુલ કિ.રૂ.૩૦,૦૭૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

મોરબી એસઓજી પોલીસ ટીમને બાતમી મળી કે વાંકાનેર ટાઉનમાં લક્ષ્મીપરા શેરી નં.૩ માં રહેતો અકિલ ઉર્ફે અલ્ફેઝ મોરબી તાલુકાના બંધુનગર ગામે વેરોના સીરામીક સામે આવેલ કોમ્પ્લેક્ષની પોતાની દુકાનમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરે છે, જે બાતમીને આધારે એસઓજી ટીમ દ્વારા કોમ્પ્લેક્ષની દુકાન નં.૧૧૦માં રેઇડ કરતા, આરોપી અકિલ ઉર્ફે અલ્ફેઝ અલીમામદભાઈ માણેકીયા ઉવ.૨૨ વાળો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના ૧ કિલો ૨૬૭ ગ્રામના જથ્થા સાથે પકડાઈ ગયો હતો, આ સાથે પોલીસે સ્થળ ઉપરથી વજન કાંટો, પ્લાસ્ટિકની નાની બેગ, આઈફોન મોબાઇલ સહિત કિ.રૂ.૩૦,૦૭૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, બીજીબાજુ પકડાયેલ આરોપી અકિલ ઉર્ફે અલ્ફેઝની પૂછતાછમાં આ ગાંજો વાંકાનેરમાં લક્ષ્મીપરા શેરી નં.૧ માં રહેતા આરોપી જુનેદ માંડલીયા પાસેથી મેળવી બંધુનગર સ્થિત કોમ્પ્લેક્ષની દુકાનમાં છૂટક વેચાણ કરતો હોવાની કબૂલાત આપતા, પોલીસે ગાંજો આપનાર આરોપીને ફરાર દર્શાવી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. જ્યારે બન્ને આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં નાર્કોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી ઓનલાઇન ગેમિંગ પર પ્રતિબંધ લાદવા કોંગ્રેસ સમિતિએ મુખ્યમંત્રીને રજુઆત કરી

### યુવાનોમાં વધતી ગેમિંગની લતને કારણે પરિવાર બરબાદ થાય છે, રાજ્ય સરકારને કડક પગલાં લેવા માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજુઆત કરી છે કે યુવાનોમાં ઓનલાઈન ગેમિંગની વધતી લતને રોકવા માટે રાજ્ય સરકારે આ એપ્લિકેશનો પર તાત્કાલીક પ્રતિબંધ લાદવો જોઈએ.

મોરબી શહેર કોંગ્રેસના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે, ઓનલાઇન ગેમિંગની વધતી પ્રવૃત્તિઓને યુવાપેઢી માટે ખતરનાક ગણાવી છે. વધુમાં તેમણે જણાવ્યું કે હાલ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઓનલાઇન ગેમિંગનો ચસ્કો વધતા યુવાનો માતાપિતાની જાણ વિના પૈસા ગુમાવવાનું શરૂ કરે છે અને ઘણા વખત પછી આ નશાસમાન લતથી આત્મહત્યા સુધીના કેસ પણ નોંધાયા છે. સાથે સાથે પ્રશ્ન પણ ઉઠાવ્યો કે જ્યારે તીનપત્તી કે અન્ય જુગાર રમતા લોકોને પકડીને કાયદેસર કાર્યવાહી થાય છે, ત્યારે મોબાઇલ ફોન પર ખેલાતા આવા જુગારરૂપ ગેમિંગ એપ્લિકેશન સામે કોઇ પગલાં કેમ લેવામાં આવતાં નથી?

તેમણે સ્પષ્ટ રીતે જણાવ્યું કે જો સરકાર માટે આ પ્રકારની ઓનલાઇન ગેમિંગથી આવક થાય છે તો પણ એ નાગરિકો માટે બરબાદીનું કારણ બની રહ્યું છે. આ સમસ્યાને માનવીય સંવેદનાથી જોવા અને યુવાઓના ભવિષ્યને બચાવવા અનુરોધ કર્યો છે. તેમણે માંગ કરી છે કે ગુજરાત સહિત સમગ્ર ભારતમાં આવી હાનિકારક ઓનલાઇન ગેમિંગ એપ્લિકેશનો પર કડક પ્રતિબંધ લાદવો જોઈએ અને કાયદેસર કાર્યવાહી થવી જોઈએ.

## ટંકારા ડેમી-૨ ડેમમાંથી ૩૭ એમસીએફટી પાણી છોડાશેઃ નીચાણવાળા ગામોને સાવચેતીના સૂચનો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના નસીતપર નજીક આવેલ ડેમી-૨ ડેમની નીચે આવેલા ચેકડેમો ભરવાનું આયોજન કરાયું છે. જે પગલે તા. ૧૫ મેના રોજ ૩૫૧૭ ક્યુસેકના પ્રવાહથી ૩૭ એમસીએફટી પાણી છોડાશે. જેથી નીચવાસના ગામોના લોકોને નદીનાં પટમાં ન જવા સૂચના આપવામાં આવી છે. ડેમી-૨ સિંચાઈ યોજના અંતર્ગત નસીતપર નજીક આવેલ દરવાજાવાળા ડેમમાંથી ચેકડેમો ભરવા માટે ૩૭ એમસીએફટી પાણી છોડવાની રજૂઆત કરવામાં આવી હતી. સેકશન ઓફિસર ડેમી-૨ સિંચાઈ યોજના મોરબી દ્વારા આ અંગે રજૂઆત કરાતા ગુજરાત સરકારના નાયબ કાર્યપાલક ઈજનેર, ગુણવત્તા નિયંત્રણ અને પુર નિયંત્રણ પેટા વિભાગ રાજકોટ દ્વારા મંજૂરી અપાઈ છે. આ મંજૂરી અન્વયે તા. ૧૫ મે ૨૦૨૫ના રોજ બપોરે ૨ વાગ્યે ડેમના ૬ દરવાજા ખોલવામાં આવશે. દરેક દરવાજા ૧ ફૂટ ખોલીને કુલ ૩૫૧૭ ક્યુસેક પાણી છોડવામાં આવશે. ડેમનું હાલનું લેવલ ૪૫.૫૦ મીટર છે. જે અનુસંધાને ડેમની નીચે આવેલા ચેકડેમો ભરાશે, ત્યારે ટંકારા તાલુકાના નીચવાસના ગામો નસીતપર, નાના રામપર, મોટા રામપર તેમજ મોરબી તાલુકાના ચાંચાપર, ખાનપર અને કોયલી ગામના લોકોને ખાસ તકેદારી રાખવા જણાવાયું છે. નદીના પટમાં અવરજવર ન કરવાનું અને સુરક્ષાનું પાલન કરવાની ચેતવણી આપવામાં આવી છે.

# મોરબીના પ્રેમજીનગર ગામે ૧૪ વર્ષીય માસુમનું બીમારીને કારણે મૃત્યુ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના પ્રેમજીનગર ગામે રહેતા ૧૪ વર્ષીય દેવકરણ પપ્પુભાઈ ચાવડાનું બીમારી બાદ અવસાન થતાં પિતાએ મોરબી સરકારી હોસ્પિટલમાં લાશ પીએમ માટે ખસેડી હતી. પોલીસે અકાળે મોતને ભેટેલા માસુમના મૃત્યુ અંગે નોંધ કરી તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના પ્રેમજીનગર ગામમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશ રાજ્યના રાજગઢ જીલ્લાના જેતપુરા ગામના વતની પપ્પુભાઈ ચાવડાના ૧૪ વર્ષીય પુત્ર દેવકરણ બીમાર હોય ત્યારે બીમારીને કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું. દીકરાના અવસાનથી શોકગ્રસ્ત પિતા પપ્પુભાઈ ચાવડાએ તાત્કાલિક દીકરાની લાશ પોસ્ટમોર્ટમ માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લાવી હતી, ત્યારે પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ સ્થળ ઉપર પહોંચી, મૃતકના પિતા પાસે પ્રાથમિક વિગતો મેળવી મૃત્યુના બનાવ મામલે અ. મોતની નોંધ કરી છે, ૧૪ વર્ષીય માસુમના મૃત્યુથી પરિવારમાં શોકની લાગણી છ્વાઈ ગયી હતી.

## મોરબી ત્રાજપર ગામે રહેણાંકમાંથી ૮૦ લીટર ઠંડો આથો ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે ત્રાજપર ગામે અવાળા પાસે આવેલ સંજય ઉર્ફે ચનો સવજીભાઈ કોળીના રહેણાંકમાં દરોડો પાડી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડા આથાનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે, ક્રાઇમ બ્રાંચ પોલીસે સ્થળ ઉપરથી ૮૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૨,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો, દરોડા દરમિયાન આરોપી સંજય ઉર્ફે ચનો હાજર નહિ મળી આવતા, તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વાંકાનેરના કેરાળા ગામ નજીક ટ્રક ચાલકને કારે ઠોકરે ચડાવતા ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના કેરાળા ગામના બોર્ડ પાસે ટ્રક સાઈડમાં રાખી રોડ ક્રોસ કરી ચા-પાણી પીવા જતા ટ્રક ચાલકને પુરપાટ આવતી કારે ઠોકરે ચડાવતા, ટ્રક ચાલકને પગમાં ફ્રેકચર તથા માથામાં હેમરેજ જેવી ગંભીર ઇજાઓ પહોંચી હતી, જ્યારે અકસ્માત સર્જી કાર ચાલક પોતાની કાર લઈને નાસી ગયો હતો. વાંકાનેર પંથકમાં વધુ એક હિટ એન્ડ રન અકસ્માતના બનાવમાં મોરબીના નવલખી રોડ ઉપર યમુનાનગરમાં રહેતા સતિષભાઈ બચુભાઇ બાવડા ઉવ.૩૭ ગઈ તા.૧૨/૦૫ના રોજ પોતાના હવાલા વાળો ટ્રક લઈને મીરબીથી સુરત જતા હોય તે દરમિયાન વાંકાનેરના કેરાળા ગામના પાટીયા નજીક પોતાનો ટ્રક રોડ સાઈડમાં રાખી સામેની સાઈડ આવેલ ચા ની દુકાને રોડ ક્રોસ કરીને જતા હોય ત્યારે બાઉન્ડ્રી બાજુથી આવતી કાર રજી.ન. જીજે-૩૬-એસી-૫૪૫૭ના ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ગફલતભરી રીતે ચલાવી આવી સતિષભાઈ સાથે ઉપરોક્ત કાર ભટકાળતા, તેઓ રોડ ઉપર પડી ગયા હતા. અને અકસ્માત સર્જી કાર ચાલક સ્થળ ઉપરથી પોતાની કાર લઈને નાસી ગયો હતો, ત્યારે આજુબાજુના લોકો એકઠા થઇ ગયા હતા, જ્યાંથી સતીશભાઈને સારવાર માટે પ્રાઈવેટ વાહનમાં વાંકાનેર સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સતીશભાઈને પગમાં ફ્રેકચર તથા માથામાં હેમરેજ જેવી ગંભીર ઇજાઓ અંગે સારવાર ચાલુ કરેલ હતી. હાલ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ભોગ બનનાર દ્વારા અકસ્માત સર્જી નાસી ગયેલ કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.



# જામનગરમાં ભાજપ દ્વારા ભારતીય સેનાના સન્માનમાં તીરંગા યાત્રા યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં લાખોટા તળાવ સ્થિત શહીદ સ્મારક પાસેથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. ભારતીય જનતા પાર્ટી દ્વારા ઓપરેશન સિંધુ અંતર્ગત આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.યાત્રામાં જામનગરના, ધારાસભ્ય રિવાબા જાડેજા, દિવ્યેશ અકબરી, મેયર વિનોદ ખીમસુરીયા રહ્યા હતા. શહેર ભાજપ પ્રમુખ મીનાબેન કોઠારી સહિત પાર્ટીના અનેક કાર્યકરો સ્કૂટર સાથે જોડાયા હતા.શહેરના વિવિધ વિસ્તારોમાં દેશભક્તિના ગીતો અને અમર જવાનોના નારા સાથે યાત્રા આગળ વધી.પાકિસ્તાન સામે ભારતીય સૈનિકોએ આપેલા જડબાતોડ જવાબના સમર્થનમાં અને સૈન્યનો જુસ્સો વધારવાના ભાગરૂપે આ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં મોટી સંખ્યામાં શહેરીજનોએ ભાગ લીધો હતો.

# રાજકોટ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતમાં દર વર્ષે ૧૬ મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ મચ્છરજન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે. જેનો હેતુ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે વ્યાપક જનજાગૃતિ કેળવીને જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાનો છે. જે અન્વયે એન.વી.બી.ડી.સી.પી. દિલ્લી દ્વારા આ વર્ષે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની થીમ "Check, Clean, Cover : Step to defeat Dengue" - ''ડેન્ગ્યુને હરાવવા માટે આપના ઘરના પાણીના ભરેલા પાત્રો તપાસો, તેની સફાઇ કરો અને પાત્રો ઢાંકીને રાખો'' રાખવામાં આવી છે. જે મુજબ વિવિધ આરોગ્ય શિક્ષણની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી આનંદુ સુરેશ ગોવિંદની સૂચના મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. ફુલમાલીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મેલેરિયા અધિકારી જી. પી. ઉપાધ્યાય અને આરોગ્ય ટીમ દ્વારા હાલમાં ગામોમાં સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. ગૃહ મુલાકાત લઇ આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. આ દરમિયાન જો તાવના દર્દીઓ જોવા મળે તો તેના લોહીના નમુના લઇ સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવે છે. જરુરીયાત મુજબ પાણીના ટાંકામાં એબેટ નામની દવા નાખવામાં આવે છે. બંધિયાર ખાડા, નદી કે ખૂલ્લી પાણીની ટાંકીઓમાં પોરાભક્ષક માછ્લીઓ મૂકવામાં આવે છે. ડેન્ગ્યુ, મેલેરિયાના પોઝીટીવ કેસો ધરાવતા ગામોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે છે.

આ રોગ મચ્છરજન્ય છે. પાણીમાં મચ્છરની ઉત્પત્તિ થાય છે. તેથી, લોકોએ પાણી ભરવાના વાસણો, ટાંકીઓ નિયમિત સાફ કરી સુકવીને પછી ફરીથી ભરવા જોઇએ, તેને હવાચુસ્ત કપડાથી કે ઢાંકણાથી બંધ રાખવા જોઇએ. ટાયર, નકામા ડબ્બા, ખાલી વાસણોમાં પાણી ન ભરાવા દેવું, ખાડા-ખાબોચીયાનું પાણી વહેતુ કરી દેવું, મોટા ખાડામાં પોરાભક્ષક ગપ્પી માછ્લી મુકવી, પુરુ શરીર ઢંકાય તેવા કપડા પહેરવા, દવાવાળી મચ્છરદાનીમાં સૂવું, સાંજે દિવસ આથમે બારી બારણા બંધ રાખવા, લીમડાનો ધુમાડો કરવો - આ મુજબ આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તાવ આવે ત્યારે આરોગ્ય કર્મચારી કે આશાનો સંપર્ક સાધી, તેમને લોહીનો નમૂનો આપી, તેમની સુચના મુજબ સારવાર કરાવવા અપીલ કરવામાં આવે છે.




તાલુકા કક્ષાએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં ઇન્ટર સેકટોરલ મીટીંગ / એડવોકેસી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય શિક્ષણ માટે વાહકજન્ય રોગો અંગે પ્રદર્શન તથા જાહેર સ્થળોમાં કાર્યક્રમો ગોઠવવામાં આવશે. તાલુકાઓમાં ક્ષેત્રીય કક્ષાએ ભવાઇ, ડાયરા, નાટક અથવા પપેટ શો જેવા કાર્યક્રમ યોજાશે. જાહેર સ્થળો પર રેલી, હોડિંગ્સ, બેનર, પોસ્ટર્સ, ભીંતચિત્રો અને ભીંતસુત્રોના માધ્યમથી જાગૃતિ ફેલાવાશે. શાળા અને કોલેજોમાં વાહકજન્ય રોગો સબંધિત પેઇન્ટીંગ, વકતૃત્વ સ્પર્ધા વગેરે યોજાશે. પત્રિકા વિતરણ, હાઉસ ટુ હાઉસ આઇ.ઇ.સી. કામગીરી કરવામાં આવશે, તેમ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

# એક વર્ષની પુત્રી સાથે ભૂલા પડેલા મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી રાજકોટ ૧૮૧ અભયમ ટીમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આપણી આસપાસ અસંખ્ય નાગરિકો એવા હોય છે જે પરજનની મદદ માટે હંમેશા તત્પર રહેતા હોય છે. આવા જ એક સજ્જનની મદદથી અને અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનાં સહયોગથી પોતાની એક વર્ષની દીકરી સાથે શહેરમાં ભુલા પડેલા એક મહિલાનું મિલન પરિવાર સાથે થઈ શકયું હતું. એક સજ્જન વ્યક્તિએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર ફોન કરી જણાવ્યું કે, નાની બાળકી સાથે ભુલા પડેલા એક બહેનને મદદની જરૂરિયાત છે. ફોન આવતાં જ ૧૮૧ ની ટીમ સ્થળ પર પહોંચી હતી.

સ્થળ પર પહોંચેલી ૧૮૧ ની ટીમને ફોન કરનાર વ્યક્તિએ વિગત જણાવી હતી. જેમાં એક બહેન સવારના ૬૩૦ વાગ્યાથી એક જ જગ્યા પર પોતાની નાની બાળકી સાથે




બેઠા છે. જેથી નાની બાળકી માટે પોતે દૂધની વ્યવસ્થા કરી માનવ ધર્મ નિભાવ્યો હતો. ઉપરાંત ભૂલા પડેલા મહિલા પોતાનાં ઘરનું સરનામું આપતા ન હોવાથી મદદ માટે ૧૮૧ પર કોલ કર્યો હતો.

૧૮૧ ટીમે મહિલાને પાણી પીવડાવી વિશ્વાસમાં લીધા હતા. ત્યાર બાદ તેમનું સફળ કાઉન્સિલિંગ કરાયું હતું. જેમાં મહિલાની માનસિક સ્થિતિ સારી ન હોવાનું જણાયું હતું. મહિલાને પોતાના ભાઈના મોબાઈલ નંબર યાદ હોવાથી ૧૮૧ ની ટીમે કોલ કરી ઘરનું સરનામું મેળવ્યું હતું.

ત્યારબાદ ૧૮૧ ની ટીમે મહિલા અને તેમની પુત્રીને વાનમાં બેસાડી ઘર આસપાસના વિસ્તારમાં પહોચ્યાં હતા. જેમા એક સ્થાનિક મહિલાની મદદથી ૧૮૧ ની ટીમે મહિલાને ઘર સુધી પહોંચાડી હતી. મહિલાના ઘરે પહોંચી ૧૮૧ ની ટીમે મહિલાના મમ્મીનુ કાઉન્સિલિંગ કર્યુ હતુ. જેમાં મહિલાનાં મમ્મીએ કહ્યું કે, ''મારી દીકરી માનસિક રીતે બીમારી હોવાથી અવાર-નવાર ઘરેથી કહ્યાં વગર નીકળી જાય છે.'' જેથી પોતાની પુત્રીની તબિયત અંગે કાળજી લેવા અને વધુમાં વધુ તેનું ધ્યાન રાખવા અભયમની ટીમે મહિલાનાં મમ્મીને ટકોર કરી હતી.

આમ, અભયમ ટીમે મહિલાને પોતાના પરિવાર પાસે સુરક્ષિત રીતે પહોંચાડી હતી. આ તકે મહિલાના મમ્મીએ ૧૮૧ મહીલા હેલ્પલાઇન ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫ પ્રકાશિત કરાયો -માત્ર રૂ.૨૦ના નજીવા દરે મળી શકશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકારે વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતર માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. જે અન્વયે વિદ્યાર્થીઓ કારકિર્દીની યોગ્ય દિશા તરફ વળે તે માટે રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આ વર્ષે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રકાશિત કરાયો છે. જેમાં વિદ્યાર્થીઓને ધો.૧૦ અને ધો.૧૨ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ - સાયન્સ કોમર્સ, આટ્ર્સ) બાદ કારકિર્દીમાં યોગ્ય દિશા નિર્દેશન મળી શકશે.

આ અંકમાં શ્રી ભવેન કચ્છી, શ્રી જય વસાવડા, શ્રી રમેશ તન્ના, સહિતના લેખકોના ૫૧ પ્રેરણાદાયી લેખો, ધોરણ ૧૦ પછી આઈ.ટી.આઈ., સી-ડેકના અદ્યતન અભ્યાસક્રમો તેમજ ધોરણ ૧૨ પછી વિનયન વિદ્યાશાખા, મેડિકલ-પેરામેડિકલ, રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા ઉચ્ચ અભ્યાસક્રમો, એન્જિનિયરિંગ ક્ષેત્રની વિવિધ શાખાઓ, ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ઉભરતી કારકિર્દી, વિદેશમાં અભ્યાસ અને નોકરીની તકો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ભારતીય સશસ્ત્રદળો, ફિલ્મ, કલા, અભિનય, કાયદા, જનસંપર્ક, કૃષિ, સહિતના ક્ષેત્રોમાં આધુનિક સમયમાં કારકિર્દીના ઉમદા વિકલ્પો સહિતનું માર્ગદર્શન નિષ્ણાતો દ્વારા આપવામાં આવ્યું છે. દિવ્યાંગજનોના પુનવર્સન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં કારકિર્દીની તકો પણ આ અંકમાં સમાવિષ્ટ છે.

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫ અંક ફક્ત રૂ.૨૦ના દરે રાજકોટના જ્યુબીલી બાગમાં આવેલી પ્રાદેશિક માહિતી કચેરી ખાતે અથવા રાજકોટ સ્થિત રાજેશ બુક સ્ટોર ખાતેથી પણ મળી શકશે.

# રાજકોટ જિલ્લામાં બે દિવસ છૂટાછ્વાયા હળવા વરસાદની સંભાવના

## જિલ્લામાં ૧૮મી મે સુધી ગરમ, ભેજવાળા, વાદળછાયા વાતાવરણની આગાહી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા.૧૪થી ૧૮ મે દરમિયાન ગરમ, ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે. ઉપરાંત તા.૧૪ અને ૧૫ મે દરમિયાન છૂટાછ્વાયા વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર, ગ્રામીણ કૃષિ મૌસમ સેવાવિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી-તરઘડીયાની યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં ૧૪થી ૧૮ મે દરમિયાન હવામાન ગરમ, ભેજવાળું, વાદળછાયું રહેવાની શક્યતા છે. ઉપરાંત ૧૪ તથા ૧૫મી મે દરમિયાન છૂટાછ્વાયા વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે. આ દિવસોમાં મહત્તમ તાપમાન દિવસ દરમિયાન ૪૦થી ૪૨ ડિગ્રી સે. જેટલું જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૪થી ૨૫ ડિગ્રી સે. જેટલું રહેવાની સંભાવના છે.

આ દિવસોમાં મહત્તમ ભેજનું પ્રમાણ ૭૫-૮૦ ટકા જ્યારે લઘુતમ ભેજનું પ્રમાણ ૪૦-૪૫ ટકા રહેશે. પવનની દિશા પશ્ચિમ અને નૈઋત્યની રહેવાની અને પવનની ઝડપ ૧૧થી ૧૬ કિ.મી પ્રતિકલાક રહેવાની શક્યતા છે. દરમિયાન હવામાનની કોઈ ચેતવણી કે તકેદારીની સૂચના નથી.

# રાજકોટમાં ઓપરેશન સિંદૂરના સાહસને વધાવતી તિરંગા યાત્રા નીકળી





ઓપરેશન સિંદુર દ્વારા પાકિસ્તાનના ગાત્રો ઢીલા કરી નાખી સેનાએ અદમ્ય સાહસ દર્શાવ્યું છે તેના વધામણા કરવા માટે આજે રાજકોટમાં બહુમાળી ભવન ચોક ખાતેથી બુધવારે સાંજે ૫.૩૦ કલાકે રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા તિરંગા યાત્રા નિકળી હતી.આ યાત્રામાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, માધવભાઈ દવે, મુકેશભાઈ દોશી, કશ્યપભાઈ શુકલ, ગોવિંદભાઈ પટેલ સહિતના આગેવાનો જોડાયા હતા. મહિલા આગેવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. યાત્રા બહુમાળી ભવને સરદાર પટેલને હારતોરાથી શરૂ થઈ હતી અને જયુબિલી ગાર્ડન ખાતે ગાંધીજીની પ્રતિમાને હારતોરા કરીને પૂર્ણ થઈ હતી. વિશાળ તિરંગો યાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. મોટી સંખ્યામાં યુવા વર્ગ પણ હાથમાં તિરંગા સાથે જોડાયો હતો.



તસવીર : આનંદ જાવીયા

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ માં તા.૧૯/૫ સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''એવર ગ્રીન ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા.૨૦/૫ મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''વિથ વિંન્ટેજ થીમ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તા.૨૧/૫ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સુર મંદિર એકેડમી'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તથા તા.૨૨/૫ ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સૂર સંગીત કી સરગમ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૩/૫ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''એ. આર. મ્યુઝીકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૨૪/૫ ને શનિવાર નાં રોજ ''રાજકોટ સ્ટેજરીકર્ષ'' દ્વારા ૫૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા. ૨૫/૫ને રવિવાર નાં રોજ ''સ્વર સાધના'' દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવ- ળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, ધીરજલાલ ચાવડા, પ્રકાશભાઈ વાગડીયા, ઘનશ્યામભાઈ રાવલ, સલીમ ઉમરભાઈ જેડા, આશીષભાઇ રાઠોડ, અનુજભાઈ મીશ્રા, એચ.પી. પટેલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પીજીવીસીએલના અધિકારીઓ સામે સત્તાના દુરઉપયોગની ફરીયાદઃ વાલ્મીકી સમાજે નાયબ કલેકટરને આવેદન આપ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

PGVCLના અધિકારીઓ દ્વારા જાતિ અને ધર્મનો ભેદભાવ રાખી, અવર નવર વાલ્મિકી સમાજના વિસ્તારોમાં અભણ અને અશિક્ષિત લોકોના ઘરોમાં ઘૂસીને ચેકિંગના નામે કોરા કાગળો પર સાઈન અને આધાર કાર્ડના મોબાઇલ પર ફોટો ખેંચી પોતાની મન માની અને હોદા અને સતાનો દૂર ઉપયોગ કરી ગરીબ માણસોને લાખો રૂપિયાના ખોટા દંડ ફટકારતા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી રાજકોટના વાલ્મિકીજાગૃત યુવા અભિષેકભાઈ ગૌરી, દશરથ ભાઈ પુરબિયા તેમજ અજયભાઈ સોલંકી દ્વારા લેખીત અને મૌખિક રજૂઆત કરવામાં આવેલ આ અંગે વાલ્મીકી સમાજે નાયબ કલેકટરને આવેદન આપ્યું હતું.

# પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે સહાયક માહિતી નિયામક પદે બઢતી મેળવતા રઝાકભાઈ ડેલાનું સ્વાગત અભિવાદન કરાયું

આ તકે કચ્છ સૌરાષ્ટ્ર ઝોનના સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસીયાએ પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. તેમણે જણાવ્યું કે ડેલા કચેરીની વહીવટી અને હિસાબી કામગીરીનો બહોળો અનુભવ ધરાવે છે. બઢતી સાથે તેઓ સહાયક માહિતી નિયામક (વહીવટ) પદે જોડાતા કચેરીની વહીવટ હિસાબ શાખાની કામગીરી વધુ સરસ રીતે થઈ શકશે. આ તકે નાયબ માહિતી નિયામક ત્રિવેદીએ રઝાક ડેલાને અભિનંદન પાઠવતા જણાવ્યું કે ડેલાએ સૌરાષ્ટ્ર ઝોનના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવી છે. તેઓ પ્રાદેશિક કચેરી માટે ઝોનમાં વહીવટી હિસાબી બાબતોમાં સંકલન સહિતની કામગીરી સુંદર રીતે કરી રહ્યા હોવાનું જણાવતા સહાયક માહિતી નિયામકની નવી ભૂમિકા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



# CYSS પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડાનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિદ્યાર્થી નેતા અને નાની વયે ઘણી સામાજીક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા સુરજ બગડા નો આજે જન્મદિવસ છે. તેઓ આજે ૨૪ વર્ષ પૂર્ણ કરીને ૨૫ માં વર્ષમાં પ્રવેશ કરશે. તેઓ આમ આદમી પાર્ટીની સ્ટુડન્ટ વિંગ છાત્ર યુવા સંઘર્ષ સમિતિ - CYSS ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવે છે, જેના દ્વારા વિદ્યાર્થીઓના, શિક્ષણના પ્રશ્નોને વાચા આપવા માટે હરહંમેશ કાર્યરત હોય છે. આ ઉપરાંત CYSS રાજકોટ પ્રમુખ તરીકે સતત ત્રણ વાર સફળ કાર્યકાળ પૂર્ણ કરેલ. સાથોસાથ તેઓ શ્રી સાંઇ સમર્થ ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી છે, જેમાં બ્લડ ડોનેશન કેમ્પ, પદયાત્રીઓને સેવા, ફુટ પેકેટ, વિદ્યાર્થી સહાય વગેરે જેવી સામાજીક પ્રવૃત્તિઓમાં પણ મહત્ત્વનું યોગદાન આપે છે. આમ, બહોળું મિત્ર વર્ગ ધરાવતા સુરજ બગડા ને પોતાના જન્મદિવસ નિમીતે મો. ૯૯૯૮૭ ૧૧૦૦૭ પર શુભકામનાઓ પાઠવી રહ્યા છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ખૂન કા બદલા ખૂન: અપહરણ કરી છરી ધોકાથી માર મરાયા બાદ ઘવાયેલા યુવકનુ સારવારમા મોત



### ફઈના દીકરાનું અપહરણ કરી પડધરીમાં ૮ માસ પૂર્વે થયેલી હત્યાનો બદલો લેવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હત્યાનો બદલો લેવા મેટોડાથી ફઈના દીકરાનું અપહરણ કરી રાજકોટમાં છરી-ધોકાના થા ઝીકી રસ્તામાં ફેંકી દીધો હતો, હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર અર્થે સિવિલમાં ખસેડતા ચાલુ સારવાર દરમિયાન યુવકે દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો.

આ અંગેની માહિતી મુજબ મુળ પડધરીના હાલ રાજકોટના રૈયાધારમાં રહેતા રાજેશભાઈ ઈ ઉર્ફે રાજુભાઈ પ્રેમજીભાઈ મુછડીયા ઉ.૫૭એ રાજકોટ નવા રીંગ રોડ પર રહેતા બનેવી હમીર મનજીભાઈ મેરીયા, તેના બે પૂત્રો રાહુલ, ખુસાલ અને મેટોડાના રોહીત કીરીટભાઈ ઉર્ફે તીરથ રાખસીયા સામે મેટોડા પોલીસ સ્ટેશનમાં ભત્રીજાની હત્યા નીપજાવનાર અંગેની નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે તેના નાના ભાઈ ગોવિંદભાઈ અને ભાભી કંચનબેન હત્યાના ગુનામાં જેલમાં છે તેનો પૂત્ર શિવરાજ ઉ.૧૮ અને ત્રણ દિકરીઓ મિતલ, સોનલ અને હેતલ આ ચારેય મેટોડા રહે છે અને ચારેક દિવસથી ચારેય અમારા ઘરે રહેવા આવ્યા છે ગત રાત્રે ભત્રીજા શિવરાજે મારા પત્ની નાથીબેનને ફોન કરી ખુશાલ, રાહુલ, રોહિત ખીરસરા આવ્યા છે અને મને બળજબરીથી કારમાં બેસાડી તેના થરે લઈ જાય છે તેવું કહી ફોન કાપી નાખ્યો હતો બીજી વાર ફોનમાં વાત કરી ફરી કાપી નાખ્યો હતો કલાક પછી ભત્રીજાના ફોનમાંથી અજાણ્યા શખ્સે વાત કરી આ ભાઈને અકસ્માત થયેલ છે ૧૦૮માં સિવિલ હોસ્પીટલે મોકલી દઈએ છીએ તેમ વાત કરતા અમે હોસ્પીટલે ગયા હતા ત્યાં શિવરાજને ૧૦૮માં લાવતા મેં પૂછ્તાંછ કરતા જણાવેલ કે રાહુલ, ખુશાલ, રોહિત મને ગાડીમાં બેસાડી તેના પરશુરામ મંદિર પાસે આવેલ મકાને લઈ જઈ તેના પિતા હમીરભાઈ સહિતે છરી અને ધોકાથી માર માર્યો હતો અને માર મારીને મને રોડ ઉપર ફેકી દીધો હતો મને અકસ્માત થયો છે તેવું કહ્યું ત્યારે ચારેય સામે ઉભા હતા આવું જણાવી બેભાન થઈ ગયો હતો આઠ માસ પૂર્વે હમીરભાઈનો પૂત્ર જયદીપ મારા ભાઈના ઘરે જઈ તમારી દીકરી મને ગમે છે તેની સાથે લગ્ન કરાવી દો કહી ઝઘડો કરતો હોય જેથી મારા ભાઈ-ભાભીએ તેને માર મારતા તેનું મોત થયું હોય જેનો ખાર રાખી આ હુમલામાં થવાયેલા યુવકને સારવાર અર્થે સિવિલમાં ખસેડતા ચાલુ સારવાર દરમિયાન યુવકનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. ઈન્ચાર્જ પી.આઈ. યુ. આર. ડામોરએ હત્યા સહિતની કલમનો ઉમેરો કરી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# ઋષિકેશ પાર્કમાં વિકૃત શખ્સ બદઈરાદે ઘરમાં ઘૂસ્યો: મહિલાએ પ્રતિકાર કરતા હત્યા કરી

એક માસથી રેકી કરતો હતો, આરોપીના ફોનમાંથી અનેક ફોટા-વિડીયો મળ્યા પોલીસે ધરપકડ કરી હત્યારાને કોર્ટમાં રજૂ કરતા જેલ હવાલે કરવા હુકમ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિ.રોડ પર એફએસએલ કચેરી પાછળ આવેલા ઋષિકેશ પાર્કમાં રહેતાં મૂળ અમદાવાદ દસ્કોઈના કુહા ગામના ચૌલાબેન ત્રિભોવનદાસ પટેલ ઉ.૫૩ નામના નર્સની તેમના મકાનની પાછળ જ રહેતાં કાનજી ભીમાભાઈ વાંજા નામના શખસે ગળુ દબાવી છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી.આ શખસની પોલીસે ધરપકડ બાદ પુછ્તાછ કરતાં તે બદકામ કરવાના ઈરાદે નર્સના ઘરમાં ઘુસ્યાની અને નર્સ દ્વારા પ્રતિકાર રૂપે તેના પર છરીથી હુમલો કરવામાં આવતાં તેણે નર્સ પાસેથી છરી ઝુંટવી ઘા ઝીંકી દીધાનું ખુલ્યું હતું.અને શખસના ફોનમાંથી અનેક યુવતી-મહિલાઓના ફોટા-વિડીયો મળતાં વિકૃત મગજનો હોવાનું જાણવા મળ્યું હતું.

યુનિ.પોલીસે હત્યાનો ભોગ બનેલા ચૌલાબેનના ભાઈ શિવાંગભાઈ પટેલની ફરિયાદ પરથી મૂળ જુનાગઢના હાલ ઋષિકેશ પાર્ક-૩માં રહેતાં કાનજી ભીમાભાઈ વાંજા સામે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છરી કબજે લીધી હતી.યુનિ.પીઆઈ એચ.એન. પટેલ અને ટીમે આરોપીની પુછ્તાછ કરતા પોતે એક મહિનાથી પાડોશી નર્સને ટ્રેસ કરી તે કયારે આવે છે, જાય છે. સહિતની રેકી કરતો હતો.બનાવી રાત્રે નર્સ એકલા હોવાનું જાણતા જ તે પાછળના મકાનના ધાબેથી નર્સના ઘરમાં ઘુસી જઈ તેણે બળજબરીનો પ્રયાસ કરતાં નર્સે ઘરમાં પડેલી છરીના ઘા ઝીંકી દેતાં આરોપીને પગ, હાથમાં ઈજાઓ થઈ હતી. નર્સ દ્વારા સ્વબચાવમાં ઝનુનથી થા થયા હોઈ પોતાની હત્યા થઈ જશે તેવું લાગતા આરોપીએ નર્સનું ગળું દબાવી તેણીના હાથમાં રહેલ છરી ઝુંટવી નર્સને થા ઝીંકી દીધા હતા. તેમજ આરોપી કાનજી એવો બે સંતાનોના પિતાનો ફોન તપાસતા અનેક યુવતિ-મહિલાઓના ફોટા વિડીયો મળ્યા હતા. આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવતા જેલ હવાલે કરવાનો કોર્ટે હુકમ કરતા યુનિ.પોલીસે આરોપીને પોપટપરા સેન્ટ્રલ જેલમાં ધકેલી દીધો છે.

# રૂખડિયાપરામાં પરિવાર ઉપર પડોશીનો હુમલો: તોડફોડ અને લૂંટનો આક્ષેપ

ઘરમાં સીસીટીવી લગાવતાં દારૂના ધંધાર્થીઓને સારૂ નહીં લાગતા બોલાવી બઘડાટી; ૯ મહિનાની બાળકી સહિત ચાર ઘવાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૂખડિયાપરા વિસ્તારમાં દારૂનો ધંધો કરતાં બુટલેગરો દ્વારા પાડોશી પરિવાર ઉપર ધોકા, કુહાડી અને છરી જેવા હથિયારો વડે હુમલો કરી પથ્થરમારો અને ઘરમાં તોડફોડ કરવામાં આવી હતી. આ હુમલામાં પતા-પુત્ર, નવ મહિનાની બાળકી સહિત ચાર લોકો ઘવાતા તેમને સારવ-ાર માટે સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવ્યા છે. પરિવાર દ્વારા તેમના ઘરે સીસીટીવી લગાવ્યા હોય જેથી પાડોશીઓ દારૂનો ધંધો કરતાં હોય સારૂ ન લાગતાં હુમલો કર્યાનું જાણવા મળ્યું છે. રૂખડીયાપરામાં રહેતાં રમજાન જુમ્માભાઈ નગામડા (ઉ.૩૫) તેમના પિતા જુમ્માભાઈ (ઉ.૭૦), પુત્રી જૈનમ (ઉ.૯ માસ) અને બહેન શેરબાનુ હુશેનભાઈ ગાઢ (ઉ.૩૮) આજે બપોરે પોતાના ઘરે હતાં ત્યારે પાડોશમાં રહેતા સુલેમાન, અજય, સાગર, ટાલો સહિત આઠથી દસ શખ્સોએ કુહાડી, ધોકા અને છરી વડે હુમલો કરી ઘરમાં તોડફોડ કરી

હતી અને ઘર ઉપર પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં પિતા-પુત્ર સહિત ચારેય લોકોને ઈજા થતાં સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં ઈજાગ્રસ્તોના જણાવ્યા મુજબ, બ, હુમલાખોર પાડોશમાં જ રહેતાં હોય અને દારૂનો ધંધો કરે છે તાજેતરમાં રમજાનભાઈએ તેમના ઘરે સીસીટીવી ફીટ કરાવ્યા હોય જેથી દારૂના ધંધાર્થીઓને સારું ન લાગતાં તેમણે હુમલો કરી ઘર ઉપર પથ્થરમારો અને રીક્ષા અને ઘરમાં તોડફોડ કરી હતી. આ ઉપરાંત હુમલાખોરો ઘરમાંથી રૂ.એક લાખની રોકડ લુંટી ગયાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. જ્યારે પાડોશી દ્વારા હુમલો કરવામાં આવતાં તેમણે પોલીસ કંટ્રોલમાં જાણ કરી હતી. જો કે એક કલાકે પણ પોલીસ આવી ન હોવાનો ઈજાગ્રસ્તો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શાંતિનગર મફતિયાપરામાં દંપતીના ઝઘડામાં વચ્ચે પડેલા યુવક ઉપર મોટાભાઈનો છરી વડે હુમલો

હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે ખસેડાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હુડકો ચોકડી પાસે આવેલ શાંતિનગર મફતિયાપરામાં રહેતા ભાઈ ભાભી વચ્ચે ઝઘડો થતા છોડાવવા વચ્ચે પડેલા યુવાન ઉપર મોટાભાઈએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ હુડકો ચોકડી પાસે આવેલા શાંતિનગર મફતિયાપરામાં રહેતા અનિલ પ્રભાતભાઈ સોલંકી નામનો ૩૦ વર્ષનો યુવાન બપોરના બે વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. ત્યારે તેના મોટાભાઈ વિજય સોલંકીએ ઝઘડો કરી છરીના બે ઘા સાથળમાં ઝીંકી દીધા હતા. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં હુમલાખોર વિજય સોલંકી અને તેમની પત્ની વચ્ચે ઝઘડો થયો હતો જેથી અનિલ સોલંકી ભાઈ ભાભીને છોડાવવા વચ્ચે પડયો હતો ત્યારે ઉશ્કેરાયેલા વિજય સોલંકી નાનાભાઈ અનિલ સોલંકીને છરીના ઘા ઝીંકી દીધા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભીસ્તીવાડમાં પોલીસ પર હુમલો અને વેપારીના અપહરણના ગુનાનો નામચીન શખ્સ ૪ મહિને ઝડપાયો

આરોપીને કોણે કોણે મદદ કરી અને ક્યાં આશરો મેળવ્યો તે બાબતે તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભીસ્તીવાડમાં પોલીસ ઉપર હુમલો કરનાર તેમજ ૭૫ લાખના હવાલામાં પટેલ વેપારીનું અપહરણ કરવાના ગુનામાં સંડોવાયેલા ભીસ્તીવાડના નામચીન ઈશોભા દલને ૪ મહિના બાદ ઝોન-૨ એલસીબીની ટીમે ઝડપી લઈ તેને પ્રનગર પોલીસ હવાલે કર્યો છે.


આ અંગેની મળતી વિગતો મુજબ શહેરના પોપટપરામાં મહિલાના ઘરે માથાકુટ કરવા ગયેલા ભીસ્તીવાડના નામચીન ઈશોભા રીઝવાન દલ અને તેના સાગરીતોએ મળી માથાકુટ કરી હતી. અને ત્યાર બાદ ભીસ્તીવાડમાં પોલીસ જ્યારે તેને પકડવા આવી ત્યારે પોલીસ ઉપર હુમલો કર્યો હતો. આ ગુનામાં છેલ્લા ચારેક મહિનાથી ફરાર ઈશોભા નાનામૌવા સર્કલ પાસે હોવાની બાતમીના આધારે તેને ઝડપી લીધો હતો. ગુજસીટોક તેમજ મારામારી સહિતના ગુનામાં સંડોવાયેલ નામચીન મજીદ ભાણુ અને ઈશોભા રીઝવાન દલના ઘરે પોલીસે ડિમોલેશન કરી તેના ગેરકાયદેસર મકાનો તોડી પાડયા હતાં. નામચીન ઈશોભા અને તેના સાગરીતોએ અનેક ગુના આચર્યા હોય તેમજ ૭૫ લાખની ઉઘરાણીનો હવાલો લઈ યુનિવર્સિટી રોડ પર લઈ ટીએનરાવ કોલેજ સામે નંદભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા આનંદ ગીરધરભાઈ કણસાગરાનું સ્કોર્પિયો કારમાં અપહરણ કરી માર મારવાના ગુનામાં પણ ઈશોભા અને તેના સાગરીતો સામે ફરિયાદ નોંધાઈ હતી. ભીસ્તીવાડના નામચીન ઈશોભા સામે અસંખ્ય ગુના નોંધાયેલા છે. પોલીસ ઉપર હુમલો કરવાના ગુનામાં ચાર મહિનાથી ફરાર ઈશોભાની પોલીસે ધરપકડ કરી છે. તેણે ચાર મહિના દરમિયાન ક્યાં ક્યાં આશરો મેળવ્યો અને કોણે કોણે તેની મદદ કરી તે સહિતની બાબતો ઉપર પ્રનગર પોલીસ મથકના પીઆઈ વી.વી. વસાવા અને



તેમની ટીમે વધુ પુછપરછ શરૂ કરી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સાથે અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર ગડિયા ઉપરાંત ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની સુચના અને માર્ગદર્શન હેઠળ એલસીબીના ઈન્ચાર્જ પીએસઆઈ જે.વી. ગોહિલ, રાજેશભાઈ મિયાત્રા, રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્ર વાધિયા, શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ રાણા સહિતની ટીમે કામગીરી કરી હતી.

# આંગન પાર્કમાં યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ

જુદા જુદા બે સ્થળે પરિણીતા અને વૃદ્ધનો આપઘાતનો પ્રયાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના વાવડી વિસ્તારમાં આવેલ આંગન પાર્કમાં રહેતા યુવાને કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ વાવડી વિસ્તારમાં આવેલ આંગન પાર્કમાં રહેતા ઉમંગ સુખાભાઈ ડારેસા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી લંબાવ્યો છે.

આ ઉપરાંત અન્ય બનાવમાં કાલાવાડ રોડ ઉપર આવેલ લક્ષ્મીના ઢોરે રહેતી મધુબેન હાર્દિકભાઈ સોંદરવા નામની ૨૦ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ફિનાઈલ પી લીધું હતું. જ્યારે રાજમોતી મીલ પાછળ આવેલ મયુરનગરમાં રહેતા રૂખડભાઈ મેરામભાઈ ગળચર નામના ૬૦ વર્ષના વૃદ્ધે મધરાત્રે અગમ્ય કારણસર ઝેરી પ્રવાહી અને ઝેરી પદાર્થ ખાઈ લીધા હતા. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતા અને વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર પંથકમાં ગુનેગારો અને અસામાજિક તત્વો સાથે ઘરોબો ધરાવતા લીંબડીના એએસઆઇ સહિત પાંચ પોલીસમેન ડિસમિસ

રાજ્ય પોલીસવડાના આકરા વલણથી પોલીસબેડામાં ખળભળાટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર પંથકમાં કાયદો અને વ્યવસ્થા કથળીને બેહાલ થઈ હોય તેમ ખનીજ ચોરી અને વિદેશી દારૂના કટીંગની ઘટનાઓ છાશવારે સામે આવી રહી છે અને એસ.એમ.સીની ટીમ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં અવારનવાર દરોડા પાડવામાં આવ્યા છે ત્યારે સુરેન્દ્રનગરમાં પોલીસ કર્મીઓની કારણે ક્રાઈમના ગ્રાફમાં ઉછાળો આવ્યો હોવાની બાતમી મળતા રાજ્ય પોલીસવડાએ ગુનેગારો અને અસામાજિક તત્વો સાઠ ગાંઠ અને ઘરોબો ધરાવતા લીંબડી પોલીસ મથકના એએસઆઈ સહિત પાંચ કર્મચારીને ડિસમિસ કરવામાં આવતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

રાજ્યભરમાં કુખ્યાત અને લિસ્ટેડ શખ્સો સામે પોલીસે કડક હાથે કાર્યવાહી હાથ ધરી હતી અને અવાર નવાર ક્રાઈમના ગુનાને અંજામ આપતા શખ્સોના ગેરકાયદેસર રહેણાંક મકાનો અને મિલકતો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. અને ગુનેગારો અને અસામાજિક તત્વો સાંઠ ગોંઠ અને ઘરોબો ધરાવતા પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ પણ કાર્યવાહી કરવાની રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા સૂચના આપવામાં આવી હતી. ત્યારે સુરેન્દ્રનગર પંથકમાં સતત વધી રહેલા ક્રાઈમના બનાવને ધ્યાને લઇ મળેલી બાતમી આધારે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ગુનેગારો અને અસામાજિક તત્વો સાંઠ ગાંઠ અને ઘરોબો ધરાવતા લીંબડી પોલીસ મથકના એ.એસ.આઈ. પુષ્પરાજ મુકેશભાઈ ધાધલ, હેડ કોન્સ્ટેબલ દિગપાલસિંહ લાલુભા સરવૈયા, પોલીસ કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ નરવીરસિંહ ઝાલા, અજયસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ અને વિજયસિંહ દિલીપસિંહ ઝાલાને તાત્કાલિક અસરથી ડીસમિસના આદેશ આપવામાં આવ્યા છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા કડક હાથે કર્યાવહી હાથ ધરવામાં આવતા પોલીસ બેડામાં ઓહાપો મચી ગયો છે.

# પાનના ધંધાર્થીએ પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દૃષ્કર્મ આચર્યું

ગાંધીગ્રામ પોલીસે એટ્રોસીટી, પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી પરિણીતા સાથે સાત વર્ષ પૂર્વે ફલેટ સામે જ પાનની દુકાન ધરાવતા વિધર્મી શખસે મિત્રતા કેળવ્યા બાદ લગ્નની લાલચ આપી વિવિધ સ્થળે લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસીટી, પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસસીએસટી સેલ એસીપીને સોંપી છે. દોઢસો ફુટ રીંગ રોડ વિસ્તારમાં રહેતી પરિણીતાએ ગાંધીગ્રામ પોલીસમાં ભગવતીપરા રામાપાર્ક શેરી નં રમાં રહેતા એહમદ હનીફભાઈ ગલેરીયા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણી સાત વર્ષ પૂર્વે તેના વિસ્તારમાં આવેલા ફલેટમાં રહેતી એહમદ તેણીનો ઘર તથા નોકરી કરતી તે સ્થળે પીછો કરી મિત્રતા કેળવી હતી.બાદ શખસ તેની પતિને છુટાછેડા આપી તેણી સાથે લગ્ન કરશે તેવા વાયદાઓ આપી તેણીના ઘરે તથા હોટેલમાં લઈ જઈ અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું.બાદ તેણીએ શખસને લગ્ન કરવાનું કહેતા શખસે અવાર બહાના બનાવી લગ્ન ન કરી દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ શૈલેન્દ્રસિંહ જાડેજાએ આરોપી સામે એટ્રોસીટી, પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસસીએસટી સેલ એસીપીને સોંપી છે.

## નાગેશ્વરમાં એકલવાયું જીવન જીવતા વૃધ્ધે ફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો

જામનગર રોડ પર આવેલા નાગેશ્વરમાં એકલવાયુ જીવન જીવતાં વૃધ્ધે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે. આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના સ્ટાફે કાગળો કર્યા હતાં. મળતી વિગતો મુજબ, જામનગર રોડ પર નાગેશ્વર પાસે નેમીનાથ એપાર્ટમેન્ટ એ-૩૦૪ નંબરના એપાર્ટમેન્ટમાં રહેતા અને એકલવાયુ જીવન જીવતાં અરવિંદભાઈ બચુભાઈ (ઉ.૬૨) નામના વૃધ્ધ પોતાના ઘરે હતા ત્યારે ગળેફાંસો ખાઈ લેતાં તેમને ૧૦૮ ટીએમટીનાં કેતનભાઈ બાબરીયાએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતાં. તેમજ ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પીએસઆઈ પી.બી.પટેલ અને સ્ટાફ ત્યાં પહોંચી જઈ કાગળોની કાર્યવાહી કરી હતી. અરવિંદભાઈને સંતાનમાં બે પુત્ર હતાં જે ઘર નજીક રહેતાં હતાં. રાત્રિના સમયે દિકરાના ઘરેથી જમવા માટે કોઈએ અરવિંદભાઈને કોલ કર્યો ત્યારે કોલ ન ઉપાડતાં આજુબાજુના લોકો અને પુત્રના ઘરેથી અરવિંદભાઈના ફલેટે જોવા જતાં અરવિંદભાઈ લટકતી હાલતમાં જેવા મળ્યા હતાં. તેમને મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો છે.

# HDFC બેંકમાં ખોટુ સોનું ધાબડી ગઠિયો ૮.૬૫ લાખ લઈ ગયો

ઓડીટ દરમિયાન સોનાના ચેઈન અને બ્રેસલેટમાં મોટા ભાગનું તાંબુ હોવાનું ખુલતા છેતરપીંડીની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં યાજ્ઞિક રોડ ઉપર આવેલી એચડીએફસી બેંકમાં ગઠિયાએ ૨૧૯.૧૦૦ ગ્રામ વજનના સોનાના ચેઈન અને બ્રેસલેટ મુકી રૂપિયા ૮.૬૫ લાખની લોન લીધી હતી. ઓડિટ દરમિયાન ગઠિયાએ બેંકને આપેલા દાગીનામાં મોટાભાગનું તાંબુ ધાબડી દીધું હોવાનું ખુલતા બેંક કર્મચારીએ બેંકને ખોટુ સોનું ધાબડી રૂા. ૮.૬૫ લાખની છેતરપીંડી આચરનાર ગઠિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. રાજકોટમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા મિલાપનગરમાં રહેતા અને એચડીએફસી બેંકમાં છેલ્લા ત્રણ વર્ષથી કેડીટ ઈન્ટેલિજન્સ એન્ડ કન્ટ્રોલ નામની પોસ્ટ પર બેંક સાથે થયેલી છેતરપીંડી અને ઠગાઈના બનાવમાં ઈન્વેસ્ટીગેશન કરતા કેવલભાઈ ચંદુભાઈ કનેરિયાએ રાજકોટમાં રૈયા રોડ ઉપર શ્યામનગરમાં રહેતા હશીતરાજ અશોષભાઈ ગોહેલ વિરુદ્ધ એડીવીઝન પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. કેવલભાઈ કનેરિયાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, હશિતરાજ ગોહેલે યાજ્ઞિક રોડ ઉપર આવેલી એચડીએફસી બેંકમાં ગોલ્ડલોન લેવા માટે અરજી કરી હતી. જે બેંકમાં જરૂરી તમામ પ્રોસીઝર અનુસર્યા બાદ એચડીએફસી બેંકના કર્મચારી પુજાબેન કોઠારીને બેંકમાં હશીતરાજ ગોહેલે ગોલ્ડલોન લેવા માટે સોનાનું એક બ્રેસલેટ અને એક સોનાનો ચેઈન આપ્યો હતો. જેનું વેલ્યુએશન કાઢવા માટે રોહિત કુમાર ઈશ્વરલાલ ચોકસી નામે જવેલરી વેલ્યુએશનની કંપનીમાં જાણ કરતા કંપનીમાંથી દિલીપ પાટડિયા બેંક ખાતે આવ્યા હતાં અને તેઓએ બ્રેસલેટ અને ચેઈનનો વજન કરતા કુલ ૨૧૯.૧૦૦ ગ્રામ વજન થયું હતું. અને તેની શુદ્ધતા ૨૧ કેરેટની હોવાનો અનુમાનથી રિપોર્ટ નોંધ્યો હતો.

જે વેલ્યુએશન રિપોર્ટ દિલિપભાઈ પાટડિયા દ્વારા એચડીએફસી બેંકને આપવમાં આવ્યો હતો. જેથી એચડીએફસી બેંકના ગોલ્ડલોન ડિપાર્ટમેન્ટના કર્મચારી વિશાલભાઈ ત્રિવેદી દ્વારા રૂપિયા ૮.૬૫ લાખની ગોલ્ડલોન હશિતરાજ ગોહેના યુનિયન બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ત્યાર બાદ થોડા સમય બાદ એચડીએફસી બેંકમાં ઓડિટનો સમય આવતા ઓડિટના નિયમ મુજબ હશિતરાજ ગોહેલને તેમના સામાનનું ઓડિટ કરવાનું હોવાથી બેંક ખાતે બોલાવવામાં આવ્યો હતો. સીસીટીવી અને હશિતરાજ ગોહિલની હાજરીમાં સોનાના ચેઈન અને બ્રેસલેટનું હાર્ડરબીંગ તહત એસીડ ટેસ્ટથી ચકાસણી કરતા સોનાનો ચેઈન અને બ્રેસલેટનું વજન ૪૭ ગ્રામ નિકળ્યું હતું અને બન્ને દાગીનામાં મોટાભાગે તાંબુ નિકળ્યું હતું. જે પ્રક્રિયા બાદ હશિતરાજ ગોહેલે લોનની રકમ અને વ્યાજ જે થતું હશે તે રકમ ભરીને પોતાના દાગીના છોડાવી જવાનું વચન આપ્યું હતું. પરંતુ અવાર નવાર લોનના પૈસા ભરી જવાનું જણાવવા છતાં હશિતરાજ ગોહેલ ગોલ્ડલોનના રૂપિયા ચુકવતા નહીં હોવાથી હશિતરાજ ગોહેલ વિરુદ્ધ ખોટુ સોનું ધાબડી ૮.૬૫ લાખ રૂપિયાની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં રાત્રિ પેટ્રોલિંગ દરમ્યાન દારૂ ઢીંચી નીકળેલા ૨૦ નસેડી પોલીસની ઝપટે ચડ્યા

લક્ષ્મીનગર રોડ પર સગીર સહિત ચાર નશાખોરોએ હોબાળો મચાવતા પોલીસે ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રાત્રિના સમયે દારૂ ઢીચીને અકસ્માત સર્જતા નબીરાઓને પકડવા રાજકોટ શહેર પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ રાખવામાં આવી હતી. શહેર પોલીસે અલગ અલગ વિસ્તારોમાં ચેકીંગ દરમિયાન કુલ ૨૦ થી વધુ લોકોને પીધેલી હાલતમાં ઝડપી લોકઅપ હવાલે કર્યા હતાં.

આ અંગેની વિગતો મુજબ, પોલીસે પીધેલાઓમાં પકડેલા શખ્સો તરીકે સાત હનુમાન મંદિર પાસે રહેતા દિનેશ રામાભાઈ સાડમીયા, આનંદનગર મેઈન રોડ પર ક્વાર્ટરમાં રહેતાં કુનાલ રાજેશભાઈ કકકડ, ગોપાલનગર શેરી નં.૭માં રહેતા હિમાંશુ રમણીકભાઈ ચિત્રોડા, યુનિવર્સિટી રોડ પુષ્કરધામ એપાર્ટમેન્ટ બી-લીંગ માં રહેતા ભીખુભાઈ નારણભાઈ ઉનેવાળ, ૫૦ ફુટ રોડ પટેલનગર શેરી નં.૪માં રહેતા રાહુલ ગોપાલ સોલંકી, હુડકો કવાર્ટર ૩૫૬ નંબરને કવાર્ટરમાં રહેતા હરિહર ગીરીશભાઈ પંડયા, માયાણી કવાટરમાં રહેતા યોગેશ બીપીનભાઈ કંડોલીયા, વાલ્કેશ્વર સોસાયટી મેઈન રોડ પર રહેતા ગોપાલ ઈશ્વરભાઈ હાજુગીયા, જંગલેશ્વર મેઈન રોડ અંકુર સોસાયટીમાં રહેતા સંજય દેવજીભાઈ સાગઠીયા, સુર્યોદય સોસાયટી જંગલેશ્વરમાં રહેતા જીતેન્દ્ર લલિત સિધ્ધપુરા, ગુરૂપ્રસાદ ચોક ત્રિવેણીનગરમાં રહેતા. અભિજીતસિંહ અજીતસિંહ પરમાર, કોઠારીયા મેઈન રોડ કેદારનાથ સોસાયટી શેરી નં.૬માં રહેતા પ્રવિણભાઈ મનજીભાઈ સેખલીયા, નાણોદાનગરમાં રહેતા પ્રવિણ ભગવાનજી વડગામા, કોઠારીયા રોડ રણુજા હાઉસીંગ કવાટરમાં રહેતા અંકુર કૈલાસભાઈ ગોસાઈ, કુવાડવા રોડ મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં.૩માં રહેતા વિજય દિનેશ રાઠોડ, આજી ડેમ ચોકડી પાસે ગુજરાત ટ્રાવેલ્સ વાળી શેરીમાં રહેતા સંજય રમેશભાઈ કાછડીયા,

રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૨માં રહેતા રણછોડભાઈ લક્ષ્મણભાઈ સુવાગીયા, કોઠારીયા સોલ્વન્ટ પાસે ગુલાબનગરમાં રહેતા રાહુલ મનુભાઈ પરેશા, કોઠારીયા મેઈન રોડ કૈલાસ પાર્કમાં રહેતા મુકેશ નરશીદાસ દાણીધારીયા અને કોઠારીયા રોડ ન્યુ રાધેશ્યામ એવન્યુમાં રહેતા હરેશ જયંતિભાઈ પરસાણાને ઝડપી લેવામાં આવ્યા હતાં. તમામ પ્રોહીબીશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે લક્ષ્મીનગર મેઈન રોડ મહાદેવ વાડી પાસે સાવન વિરેન્દ્રભાઈ ચાવડા દારૂ ઢીંચી તેના મિત્રો શબીર હનીફ લીંગડીયા, સાહિલ રફીક કોઢિયા અને એક સગીર એમ ત્રણેય મિત્રો સાથે જાહેરમાં ગાળાગાળી તેમજ બખેડો કરતો હોય ચારેયને સકંજામાં લઈ પોલીસે ગુનો નોંધ કાયદાનું ભાન કરાવ્યું હતું. તેમજ ગઈકાલે વાહન ચેકીંગ દરમિયાન પાચેક શખ્સો હથિયાર સાથે પોલીસની ઝપટે ચડી ગયા હોવાનું જાણવા મળ્યું છે.